ॐ

# અધ્યાત્મ

વર્ષ : ૮ સપ્ટેમ્બર-૧૯૮૭ અંક : ૧૨

## * લવાજમ તુરત મોકલાવો *

'અધ્યાત્મ' માસિકનું આઠમું વર્ષ સપ્ટે. ૮૭ માં પૂરૂં થાય છે. આથી જે ભાઈ-બહેનો વાર્ષિક ગ્રાહક છે અને જેમને ઓકટો. ૮૬ થી અંકો મળ્યા છે, તેઓએ તેઓનું લવાજમ M. O. ( મની ઓર્ડર ) થી નીચેના સરનામે ૩૦-સપ્ટે. ૮૭ સુધીમાં મોકલાવી આપવા વિનંતિ છે.

નારાયણભાઈ હ. જાની, તંત્રી અધ્યાત્મ 'પરમધામ' પ્લોટ નં. ૧૯૮૮ બી, સરદારનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

જે ભાઈ બહેનો ભાવનગર, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ, રાજકોટ, મોરબી કે પાલનપુર ખાતેના કાર્યકરો મારફતે મોકલતા હોય, તેમને તે રીતે જલ્દીથી મોકલાવવા વિનંતિ છે.

પરદેશના વાર્ષિક ગ્રાહકો પણ તે રીતે મોકલાવે એવી પ્રાર્થના છે.

ઓકટો. ૮૭નો અંક ગ્રાહકોને હંમેશ મુજબ સમયસર મળે તે માટે સહુને સમયસર લવાજમ મોકલાવવા અભ્યર્થના.

—તંત્રી

## * મદદ કેમ પહોંચાડાય? *

અધ્યાત્મને આપ મદદ કરવા ચાહો છો! તો આટલું કરો:-

૧ ઓછામાં ઓછા પાંચ નવા ગ્રાહકો નોંધો.

૨ સદ્ભાવભરી સહાય મોકલતા રહો.

૩ પરિચિત વેપારીઓ અથવા ઉદ્યોગોની જાહેર ખબર મોકલાવતા રહો. આ માટે જરૂરી માર્ગદર્શન માટે તંત્રીનો સંપર્ક સાધો.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૮ અંક : ૧૨ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ (વદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રીયોગેશ્વર કથામૃત (૫) | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| નવમા પગલે... | તંત્રી | ૭ |
| પ્રેરક પ્રસંગો ને ઘટનાઓ | નારાયણ હ. જાની | ૯ |
| ગુરુપૂર્ણિમા | ગોરધનભાઇ કલોલા | ૧૭ |
| મૌન–સાધના, સ્મરણ-ભક્તિ, સ્વધર્મ | રતિલાલ ભાવસાર | ૨૪ |
| ઔદાર્ય | ડૉ. રણજિત પટેલ | ૨૫ |
| વાચાળતા | ભાઇલાલભાઇ છાટબાર | ૨૯ |
| ઈશ્વર કી ઓર | મમતા પી. ભાટીયા | ૩૪ |
| અંતે દક્ષિણા મળી ખરી | મા સર્વેશ્વરી | ૪૧ |
| "અહંનો નાશ એટલે આનંદ" | પ્રવીણ એસ. વસોવા | ૪૪ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૮ |
| ડૉ. અમીનની સાધનામાં ઉમેરણ | પુષ્કર ચંદરવાકર | ૫૧ |
| તેડાં રે આવ્યાં | અશ્વિનભાઇ ડી. પટેલ | ૫૮ |
| રામકથા | શ્રીયોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૮ સપ્ટેમ્બર-૧૯૮૭ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત (૫)

—મા શ્રી સર્વેશ્વરી

સંવત : ૨૦૩૬ શ્રાવણ સુદ આઠમ ને સોમવાર તા. ૧૮/૮/૧૯૮૦.

સ્થળઃ–'પ્રયાગ' શ્રી નંદુભાઈ ચાવાળાના મકાનમાં, અમદાવાદ.

સવારે નિયમ પ્રમાણે મંગલમય દ્વાર ઉઘડ્યાં છે. ઘરની બેનો પૂ. શ્રી માટે દૂધ લઈ આવે છે. પછી રૂમમાં સફાઈ કામમાં લાગી જાય છે. દૂધ લેતાં પહેલાં પૂ. શ્રી ધાત્રી રસાયણની એક ચમચી લે છે. વળી મકરધ્વજવટીની ગોળી પણ હમણાં હમણાં લે છે. સૂરત આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ શ્રી પ્રભુભાઇ વૈદ્યે શક્તિશાળી દવા આપી છે જેથી આજ કાલ આયુર્વેદિક દવાઓનું પૂ. શ્રી સેવન કરે છે.

દૂધ લેતાં પહેલાં જ્યારે જ્યારે ચમચી લે છે, ત્યારે ત્યારે ચમચી સંપૂર્ણ સ્વચ્છ છે કે કેમ તે ચકાસી લે છે. પૂ. શ્રી સ્વચ્છતા ને નિયમિતતાના તો સાચેજ સાચા ઉપાસક છે. દક્ષિણની યાત્રા પૂ. શ્રી સાથે કરવાનું સદ્ભાગ્ય ૧૯૭૮માં મને

મળ્યું હતું. તે મને યાદ આવે છે. ટૂમકૂર નામના એ સ્થાનમાં સાંજના સત્સંગ પછી પૂ. શ્રી માટે કોઇક ભાઇ દૂધનો પ્યાલો લાવ્યા. પૂ. શ્રીએ તરત જ કહ્યું, “દૂધના પ્યાલામાં રહેલી ચમચી યોગ્ય લાગે છે?” ચમચી આ રીતે ઉપર મૂકી શકાય. એમ કહી ચમચી શી રીતે મૂકવી તે મૂકીને બતાવીને કહ્યું, “મારી સાથે જે કોઈ રહે તેને મારી પાસેથી ઘણું શીખવાનું મળે.” એ શબ્દો સાચેજ આજે યાદ આવે છે. સાચેજ આ મહાપુરુષ પાસે ઘણું શીખવાનું મળે એમ છે.

સવારે શ્રી બાબુભાઇ વોરા તથા ઘરના સૌ સભ્યો પ્રણામ કરી થોડી વાતચીત કરી વિદાય લે છે.

પૂ. શ્રી બરાબર નવ વાગ્યે લેખન કાર્યમાટે બેસી જાય છે. આજ કાલ પૂ. શ્રી નાના નાના લેખો લખી રહ્યા છે. દસ વાગે લેખન કાર્ય બંધ કરી આરામ કરે છે. હાથમાં માળા ફરી રહી છે.

પૂ. શ્રી રોજ બરાબર અગિયાર વાગે દ્વાર ઉઘાડે છે પણ આજે જરા પંદર મિનિટ વહેલું દ્વાર ખોલ્યું. અમારા યજમાનની ત્રણે દીકરીઓને મંત્રદીક્ષા જોઇતી હતી. તે અંગે તે સૌને માર્ગદર્શન આપ્યું. આજે સવા અગિયાર વાગ્યાથી બેઠક શરૂ થઇ. શ્રી સુતરીયાના ભજનોથી શરૂઆત થઇ. એક ભાઇ અધ્યાત્મના લેખ અંગે શંકા અને જીજ્ઞાસાભાવે પ્રશ્નો લાવ્યા હતા જેથી તે ભાઇને જરાપણ ઉશ્કેરાટ વિના શાંતિથી સમજપૂર્વક વિગતવાર સમજાવવામાં આવ્યા. સત્સંગમાં ચાર ભૂમિકાનું વર્ણન અને સતત સન્નિધિની વાતો થઈ. સમય થતાં સૌ ભકતો પ્રસાદ લઇ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રી ભોજન લેવા બેઠા છે. આજે પૂ. શ્રીને કશુંજ ન ભાવ્યું. ફક્ત થોડો ભાત ને દહીં લીધાં. રાબ, ખીર એ પણ



કશુંજ ન ભાવ્યું. ભોજન બાદ પૂ. શ્રીએ પેપર ઉપર નજર ફેરવી લીધી પછી આરામ કરવા માટે પૂ. શ્રી રૂમમાં ગયા. ત્યાં ભગવાન નિત્યાનંદબાબાની નાનકડી પુસ્તિકા ટેબલ ઉપર હતી તેના ઉપર પૂ. શ્રીએ થોડી મિનિટોમાં નજર નાંખી.

અમદાવાદનો આ ઉતારો નવો હતો અને તે માળ ઉપર હતો, એટલે મણિનગર પૂ. શ્રી યોગેશ્વરજીનાં નાનાંબેનને ત્યાં પૂ. શ્રી યોગેશ્વરજીનાં માતાજી રહે છે. તેઓને પગની અને મનની તકલીફ હોવાથી અહીં રહેવા આવી શકતાં નથી. જેથી અહીં દરરોજ સાંજે પૂ. માતાજી મળવા આવે છે. પૂ. શ્રી પોતાના માતાજીને બોલાવવા મોકલવા સાધન મોકલે છે. એ રીતે પૂ. માતાજીને લાવવા-પહોંચડવાની ખૂબ કાળજી પૂ. શ્રી રાખે છે.

આજે પણ પૂ. માતાજીને ત્રણ વાગ્યે શ્રી બાબુભાઇ વોરા મણિનગર લેવા ગયા, જેથી ચાર વાગ્યે પૂ. માતાજી આવનાર હોઇ પૂ. શ્રી નીચે ઉતર્યા. નીચેના ઓરડામાં ત્રણ ચાર કલાક બન્ને બેસીને અને આરામ કરીને પસાર કરે છે. ઉપરના રૂમમાં મોરબીથી આવનાર બે ભાઇઓ, અતુલ, શ્રી રમણીકલાલ ચશ્માવાળા અને ઘરનાં સ્ત્રી સભ્યો આવીને બેઠાં, ડોકટર બેન પણ હતાં. તે સૌ મારા અનુભવ વિષે જે વાર્તાલાપ કપુરામાં આપેલો તેની ટેપ સાંભળવા આવ્યાં હતાં તેથી તે ટેપ મૂકતાં સૌ એ શાંતિથી સાંભળવા બેઠાં.

પૂ. માતાજી પણ સત્સંગનો લાભ લઈ શકે એ દૃષ્ટિએ પૂ. શ્રીએ સાંજની ૬ થી ૮ ની બેઠક નીચે જ રાખી. ખુલ્લી હરિયાળી લોન હતી, ત્યાં પૂ. શ્રી તથા પૂ. માતાજી ખુરશીપર વિરાજમાન થયાં. પૂ. શ્રીની આજ્ઞા પ્રમાણે મારે માતાજીને પ્રણામ કરવા માટે પંદરમિનિટ વહેલાં નીચે

આવવાનું બન્યું. પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં શ્રી સુતરીયા અને શ્રી રંજનબેન ઠાકર (જેઓ પૂ. શ્રીને નાનપણથી જાણે છે.) એ બન્નેએ ભજનો ગાયાં. પૂ. શ્રીએ કહ્યું હવે જેને પ્રશ્નો પૂછવા હોય તે પૂછો. છતાં સૌ શાંતિથી બેસી રહ્યાં. ત્યાંજ ડો. દાણીએ પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્નઃ-ઘણીવાર મન પ્રસન્નતા તો ઘણીવાર મન અપ્રસન્નતા અનુભવે છે તો તેનું શું કારણ ? એ જીવનમાં અનિવાર્ય છે ? પ્રસન્ન જ સદા રહેવાય તે માટે શું કરવું જોઈએ ?

પૂ. શ્રીઃ-જ્યાં જ્યાં માનવ છે જ્યાં જ્યાં મન છે ત્યાં ત્યાં અનુકૂળતામાં આનંદ અને પ્રતિકૂળતામાં શોક. તેથીજ તો તમે જુઓ છોને કે અમદાવાદના કાંકરિયા તળાવમાં કેટલા આપઘાતો થાય છે ! મને લાગે છે કે સૌથી પ્રથમ કારણ આર્થિક સ્થિતિ, બીજુ ઘરનું વાતાવરણ, ત્રીજું મન. સદા પ્રસન્ન રહેવા માટે નામસ્મરણ, સંતસમાગમ, હરિકથા અને આત્મભાવમાં સ્થિર રહેવું તે તેના ઉપાય છે. એમ તો સંતો પણ વિષાદ અનુભવતા હોય છે. ગાંધીજી, વિવેકાનંદ વિ. (વાર્તાલાપ ચાલુ હતો ત્યાં પૂ. માતાજી વિદાય લે છે. પૂ. શ્રીની સૂચનાથી પૂ. માતાજીને મૂકવા માટે એક ભાઇ સાધન મંગાવી સાથે જાય છે.)

સ્વસ્થ રહેતાં શીખો. સ્વ એટલે સત્‌ચિદાનંદ અને સ્થ એટલે સ્થિતિ કરનારા. ભગવાનમાં સ્થિતિ કરો.

પ્રશ્નઃ-મંત્ર જપ સમજપૂર્વક કેવી રીતે થાય ? પ્રભુની શરણાગતિ કેવી રીતે સ્વીકારવી ?

પૂ. શ્રીઃ-મંત્રનો અર્થ સમજી લો. જેમકે ૐ राम જપતા હોય તો રામ એટલે યોગીઓ જે પરમાત્મામાં રમે છે તે,

( અનુસંધાન પૃષ્ઠ ૫૯ ઉપર )



# નવમા પગલે....

તંત્રી

'અધ્યાત્મ' તેનાં આઠ વર્ષ પૂરાં કરી, નવમા વર્ષમાં પ્રવેશ કરે છે. કાળના પ્રવાહમાં આટલા ટૂંકા ગાળાની બહુ વિસાત નથી, છતાં એ ગાળો એક રીતે મહત્ત્વનો છે કે એ દ્વારા પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી જેવા લોકોત્તર મહાપુરુષનો તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી જેવાં મહા તપસ્વીનીના જીવન, આદર્શો ને સાધનાનો પરિચય યથાશક્તિ ગુજરાતી જનતાને કરાવવામાં થોડો ફાળો આપ્યો હોય, તો તેનું આટલું અસ્તિત્વ પણ સાર્થક છે.

ભારત આજે મોંઘવારીના વિષચક્રમાં ફસાયેલો દેશ છે. સંભવ છે કે દુનિયાના બધાજ દેશોમાં આ પ્રક્રિયા વત્તા-ઓછા અંશે અસ્તિત્વ ધરાવતી હોય છતાં ભારતમાં રોજ રોજ વધતા જતા ભાવોમાં, એક માસિક ચલાવવું અને તે પણ મોટા આર્થિક પીઠબળ વગર અશક્ય નહિ, તો મુશ્કેલ જરૂર છે. પરંતુ પ. પૂ. ગુરુદેવ તેમજ પૂ. માની શક્તિઓના સહારે તે ચાલે છે; એ અમારે કબુલ કરવું જોઈએ.

પરદેશના ગ્રાહકો ને ભારતના વાંચકોની સદ્‌ભાવભરી ભેટોની સરવાણિએ એને ટકાવવામાં મોટો ફાળો આપ્યો છે. વળી આજે એક હજાર કરતાં વધારે એના આજીવન સભ્યો નોંધાયા છે, તે સહુ આ સત્કર્મના ભાગીદાર છે.

માસિકના એક અંકની પડતર કિમ્મત આજે રૂ. ૨ જેવી થાય છે; ત્યારે માત્ર વાર્ષિક રૂ. ૧૫ માં એ આપવું એ કોઇ વ્યવસાયીક માણસને પાલવે જ નહિ. એનું પ્રકાશન

તુરતજ બંધ થઈ જાય. વર્ષે તમે કેટલી ખોટ સહન કરી શકો ?

અને છતાં એ માસિક ચાલતું રહ્યું છે, એમાં અમને પ્રભુની ને ગુરુદેવની કૃપાનું દર્શન થતું રહે છે. અમારે માટે અમારા ગુરુદેવના અક્ષરદેહની એ સેવા છે અને એ દ્વારા અમારા જીવનમાં એમની પરોક્ષ અનુભૂતિ થતી રહે છે; એ મોટું સૌભાગ્ય છે.

વળી એ દ્વારા પૂ. ગુરુદેવના જીવન, સાધના અને ધાર્મિક મૂલ્યોની વાતો છેક આમજનતા સુધી પહોંચતી રહે છે–એ અંગે અધ્યાત્મના એક લેખકે એ વાંચીને પોતાનો પ્રતિભાવ લખી મોકલાવ્યો છે તે અહીં ટાંકુ છું:–

“અધ્યાત્મના અંકો વાંચ્યા. બહુજ સુંદર અને આધ્યાત્મિક રીતે આનાથી ઉત્તમ સાહિત્ય ગુજરાતમાં લાધે તેમ નથી. લોકોને આજના પલાયનવાદના જમાનામાં ‘અધ્યાત્મ’ અંક વનવગડાના વટેમાર્ગુને પીંપળાના ઘેઘૂર છાંયડા અને પરબની ગરજ સારશે. કોઈક તેનો લાભ લેશે, અનુસરશે, સિદ્ધિ પ્રાપ્ત કરશે તોયે ધન્ય થવાશે. મીસનરીનું કામ લીધું છે–ધન્યતા.”

મુરાદખાન ચાવડા

આટલી બધી યોગ્યતા અધ્યાત્મની કદાચ ન પણ હોય તોપણ કોઈક સમાનધર્મા વાંચકને એ જરૂર પ્રેરણારૂપ થતું હશે, થતું રહે એવી અમારી ભાવના છે. આપ સહુ વાંચકોની સદ્‌ભાવનાએ અમારું પીઠબળ છે. એ પૂરું પાડતાં રહો એવી અમારી પ્રાર્થના છે.

અંબાજીમાં કયાં ઉતરશો ?

સ્વર્ગારોહણ તીર્થ માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ,
દાંતા રોડ, અંબાજી



# પ્રેરક પ્રસંગો ને ઘટનાઓ

નારાયણ હ. જાની

## (૧) સ્વચ્છતાના આગ્રહી પૂ. યોગેશ્વરજી

[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનના પ્રેરક પ્રસંગો ને ઘટનાઓ ]

૧૯૮૧ના વર્ષનો આ પ્રસંગ છે.

સુરેન્દ્રનગરમાં પૂ.શ્રીનાં પ્રવચનો ગોઠવાયેલાં છે.

પૂ.શ્રીનો ઉતારો ત્યાં એક બ્રાહ્મણ પરિવારને ત્યાં છે. અલગ રહેઠાણમાં એમની રહેવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પૂ.માશ્રી સર્વેશ્વરી પણ સાથે છે.

પૂ.શ્રી પોતાના ઉતારામાં જ ભોજન લે છે.

પૂ.શ્રી જમવા બેઠા છે, ત્યારે સેવામાં રોકાયેલ એક મોટી ઉમ્મરના ભાઈને ચમચી ધોઈ લાવવા કહ્યું. પેલાભાઈ ચમચી તો ધોઈ લાવ્યા પરંતુ પોતાના રૂમાલથી લૂછી પૂ.શ્રીને આપી. આથી પૂ.શ્રીએ તેમને તે ફરી ધોવા આપી. આવું ત્રણ વખત બન્યું, ત્યારે પૂ.શ્રીએ એ ભાઈને પૂછ્યું, “આ ચમચી અમે તમારી પાસે ફરી ફરી કેમ ધોવરાવી, તેની કંઈ ખબર પડી ?”

એ ભાઈએ સરળભાવે કહ્યું, ‘મને પણ આશ્ચર્ય થાય છે કે ફરી ફરી ધોવા માટે આપ કેમ કહો છો ? ચમચી ઉપર તો ક્યાંય કચરો નથી.’

પૂ.શ્રીએ હવે સમજ પાડતાં કહ્યું, “ચમચી ઉપર તો કોઈ કચરો નથી, પરંતુ તે ધોયા પછી તમે જે રૂમાલથી એને લૂછો છો, તે કેવો ગંદો છે, તે તમે જોયું ?”

હવે તે ભાઈને પોતાની ભૂલ સમજાઈ. પૂ.શ્રીની સૂચના પ્રમાણે તે પછી તેઓએ ચમચી ધોઈને લૂછ્યા સિવાય ભીની જ તેમના હાથમાં મૂકી.

આવા આગ્રહી હતા પૂ. શ્રી સ્વચ્છતાના.
( પૂ.માશ્રી સર્વેશ્વરીના વક્તવ્ય માંથી )

## (૨) અજબ ધીરજ અને અંખડ શ્રદ્ધા

પૂ.શ્રીને સાંઇબાબાએ સરોડામાં કારતક મહિનામાં દર્શન આપી કહ્યું, " આ વર્ષે જેઠ સુદ પાંચમે બદ્રીનાથમાં મારું સાક્ષાત્ દર્શન થઇ જશે. તમારી સાધના પરિપૂર્ણ થઇ જશે. "

આ દર્શન એટલે સાંસારિક માણસોનું સ્થૂલ ઇંદ્રિયો વડે થતું દર્શન નહિ. એ દિવ્યદર્શન. સાધનાના પરિણામે પવિત્ર અને શુદ્ધ થયેલા મહાપુરુષોમાંથી કોકને જ પ્રાપ્ત થાય એવું એ દર્શન.

જે સાધનાની સફળતા માટે તેઓ વર્ષોથી મથતા, ઉપવાસો કરતા, સૂચના મળે તે પ્રમાણે જતા, એની પરિપૂર્ણતાનો દિવસ સાઇબાબા જેવા સમર્થ સિદ્ધપુરુષના મુખે મળ્યા પછી એની સફળતા વિષે શંકા ન થાય, એ સ્વાભાવિક છે.

હવે કયાં ગુજરાતમાં આવેલું સરોડા અને કયાં હિમાલયને છેડે આવેલું બદ્રીનાથ !

પૂરતા પૈસા કે સાધનો પણ પૂ. શ્રી પાસે તે સમયે નહિ, છતાં એ આદેશમાં શ્રદ્ધા રાખી, પૂ. શ્રી માતાજી સાથે જેઠ સુદ પાંચમ પહેલાં બદ્રીનાથ પહોંચી ગયા. તે દિવસો એટલે જૂન, ૧૯૫૪ ના દિવસો. બદ્રીનાથ જવા માટે ત્યારે ૨૮ માઇલ પગે ચાલવું પડતું.



સંતપુરુષોની ને મા જગદંબાની કૃપાથી એમને રહેવાની વ્યવસ્થા બદ્રીનાથ મંદિરના મુખ્યદ્વાર ઉપરની નાની ઓરડીઓમાં થઈ ગઈ. ને પૂ. શ્રી જેઠ સુદ પાંચમની રાહ જોવા લાગ્યા.

પાંચમનો દિવસ પણ આવી પહોંચ્યો. પૂ. શ્રી રાતે ચિન્તા કરતા બેઠા છે. બાજુમાં પૂ. માતાજી સૂતેલાં છે. આસપાસના બરફને લીધે ભર ઉનાળામાં પણ અહીં ઘણી ઠંડી છે. સમય પસાર થતો જાય તેમ પૂ. શ્રીની પ્રાર્થના ઉત્કટ બનતી જાય છે, ત્યાં તો સાઇબાબા પ્રકટ થઇ દર્શન આપી કહે છે, "આજે પાંચમ કયાં છે ? પાંચમ તો કાલે છે ? કાલે બધું કામ થશે, ચિન્તા ન કરતા." અને એ અદૃશ્ય થઈ ગયા.

પૂ. શ્રીને એ અનુભવથી આનંદ થયો. પરંતુ બીજા દિવસે–કશો જ અનુભવ કે કહ્યા પ્રમાણેની પૂર્ણ સિદ્ધિ ના મળી. કેવી નિરાશા થાય-વિચાર તો કરો ? તમને કોઈ ભાઇબંધે મળવા સમય આપ્યો હોય ને પાંચ પંદર મિનિટ મોડો થાય તો તમે કેવા અપસેટ થઈ જાઓ ! ત્યારે આ તો છેક ગુજરાતથી હજાર માઇલ દૂર બદ્રીનાથ જવા છતાં કામ ના થયું. કેવો ધક્કો લાગે હૃદયને ! વિચાર તો કરો. માણસ સાવ ભાંગી પડે. પ્રભુમાંથી ને સાધનામાંથી શ્રદ્ધા ઊઠી જાય એવો માનસિક પ્રત્યાઘાત થઇ જાય. પરંતુ પૂ. શ્રી સહેજ પણ વિચલિત થયા નહિ. એમને પ્રભુમાં કે પોતાની સાધનામાં સહેજ પણ અશ્રદ્ધા ન થઈ, સાઇબાબાના એ વચનો મિથ્યા થવાને લીધે એમના પર પણ અવિશ્વાસ ન જન્મ્યો. કેવું કહેવાય ! કેવો અટલ વિશ્વાસ !

એ મહાપુરુષે એટલું જ કહ્યું, "હજી અમારી સાધના ઓછી પડે છે. વધુ પુરુષાર્થની જરૂર છે."

અને એઓ ફરી એટલાજ ઉત્સાહથી, આનંદથી પોતાની સાધનામાં લાગી ગયા. કેવી અજબ જેવી ધીરજ, કેવી અટલ શ્રદ્ધા ને કેવી કપરી કસોટી ?

પણ પૂ. શ્રી એમાં પાર ઉતર્યા. ૧૯૬૦ ના મે મહિનામાં અચાનક જ મા જગદંબાનું પ્રત્યક્ષ ખુલ્લે આંખે દર્શન પ્રાપ્ત થયું એટલું જ નહિ પણ ઈચ્છા કરે ત્યારે પ્રત્યક્ષ દર્શન વાતચીતનાં વરદાનો મળી ગયાં.

સોળ વરસની એકધારી સાધના અને અટલ વિશ્વાસના પરિણામે એ સિદ્ધિ આખરે મળી, જેની કરોડોમાં કો'કને જ કલ્પના હોય એવી સિદ્ધિ.

### 'અમે એ કાંટો કાઢી નાંખ્યો'–યોગેશ્વરજી

દર્શનાબેન સુરતની એક શ્રદ્ધાળુ સરળ બાલિકા. કોલેજમાં ભણે પરંતુ પૂ. શ્રીનાં પ્રવચનો જ્યારે જ્યારે સુરતમાં થાય ત્યારે નિયમિત સાંભળવા આવે.

પાંચ છ વર્ષ પહેલાં, એક વખત તે પૂ. યોગેશ્વરજીને મુલાકાતના સમય પછી વંદન કરવા આવી. પૂ. શ્રીએ એને એક સરસ ગુલાબનું ફુલ દાંડી સાથે આપ્યું. એણે એ લીધું પણ ખરૂં, પરંતુ પૂ. શ્રીએ ફરી એ ફુલ એ બેનના હાથમાંથી પાછું લઈ લીધું.

પછી ફુલ પાસેના કાંટાને કાઢી નાખ્યો ને તે બેનને ફુલ પાછું આપતાં પૂછયું, "તમારા જીવનમાં કોઇ કાંટો છે ?" તે બેનને વાત કંઈ સમજાઈ નહિ, એટલે કહ્યું; "એવું તો કંઇ છે નહિ."

"કાંટો હતો, પણ અમે એ કાંટો કાઢી નાંખ્યો છે." પૂ શ્રીએ કહ્યું.



એ વાતને ચારેક વર્ષ વીતી ગયાં. પૂ.શ્રીએ પણ આ પૃથ્વી પરથી ભૌતિક વિદાય લઈ લીધી.

પછી એકાદ વર્ષ પહેલાં દર્શનાબેન માંદી પડી. તેને શરદી, કફ ને તાવ જેવી બિમારી લાગુ પડી. દવાઓ ઘણી કરી, પણ કોઇ રીતે સારૂં થાય નહિ. તેના પિતા પણ ડોકટર. ફોટા લેવડાવ્યા પરંતુ કોઈ ચોક્કસ નિદાન ન થઈ શક્યું.

દર્શનાબેનની શારીરિક સ્થિતિ દિનપ્રતિદિન બગડતી ચાલી. ખવાય નહિ અને જે ખાય તેનો કફ થઇ જાય. આખું કુટુમ્બ વિમાસણમાં પડી ગયું. શું કરવું તે સમજાય નહિ.

વીસ વર્ષ ઉપરની દર્શનાબેનના શરીરનું વજન ૩૦ કીલો કરતાં ઓછું થઇ ગયું. શરીર ગળીને સાવ સંકોચાઇ ગયું.

પરંતુ દર્શનાબેનને પૂ. ગુરુદેવમાં શ્રદ્ધા. પૂ.માને જતા આવતા સાધકો સાથે પોતાની બિમારી વિષે જણાવતાં રહે. પૂ. મા સામેથી પ્રસાદ મોકલે.

છેવટે દર્શનાબેનને એમના પિતા મુંબઇ લઈ ગયા. જસલોકમાં દાખલ કરી નિદાન કરવતાં માલુમ પડયું કે એમનાં ફેફસામાં ફુગ જેવું છે, એનાથી આ બધી બિમારી છે. એથી એની સારવાર શરૂ કરી. પરિણામે એમનું શરીર સુધરવા માંડયું. ધીમે ધીમે બેત્રણ મહિનામાં તે સારૂં થઈ ગયું.

૧ જૂન, ૮૭ માં પૂ. મા એક દિવસ માટે કપૂરા ગયાં ત્યારે શ્રી દર્શનાબેન તેમના પિતાજી અને કુટુમ્બનાં બીજા સભ્યો સાથે પૂ.માને પગે લાગવા આવ્યાં. પૂ.માને એમને

સારાં થયેલાં જોઈ ખૂબ આનંદ થયો. ત્યારે દર્શનાબેને પોતાની માંદગીની આ વાત સવિસ્તર સંભળાવી અને અંતમાં ઉમેર્યું કે “અમારી જીંદગીમાં માંદગીરૂપી જે કાંટો આવવાનો હતો, તે પૂજ્યશ્રીએ વર્ષો પહેલાં પોતાની દિવ્ય દૃષ્ટિથી જોઈ લીધેલું અને પોતાના હાથે એ કાંટો કાઢી નાંખ્યો હતો. એનું રહસ્ય આજે અમને સમજાય છે. કદાચ એમણે એ કાંટો ન કાઢ્યો હોત તો અમારૂં આ જીવન આજે હોત કે નહિ, તે અમે કહી શકતાં નથી.”

આટલું બોલતાં દર્શનાબેનની આંખો પૂ.શ્રીની સ્મૃતિથી ઊભરાઇ આવી.

સાચા સંત પુરુષો કેવી ગેબી સહાય પહોંચાડે છે, એનું જ્વલંત ઉદાહરણ દર્શનાબેનનો આ જીવન પ્રસંગ છે.

જીવનની વર્તમાન બાજી પૂરી થાય તે પહેલાં બનતી વહેલી તકે ધ્યેયની સિદ્ધિ માટે આકાશ પાતાળ એક કરવાની જરૂર છે. તો જ આ લગીર જેટલા જીવનને ઉજ્જવળ કરીને કોઇ મહત્ત્વની વસ્તુ મેળવી શકાય. બાકી જે સ્વપ્નાનું સર્જન કરશે, સ્વપ્નને સેવશે, પણ તેમને સાચાં કરવાની સાધના નહિ કરે તે વાસ્તવિક સુખશાંતિની પ્રાપ્તિ નહિ કરી શકે. કેવળ સ્વપ્નદૃષ્ટા ને સ્વપ્નસેવી થઇને બેસી રહેવાને બદલે તેમણે સ્વપ્નશિલ્પી થવાની સાધના કરવા કમર કસવાની છે.



# ❋ સદ્‌ભાવભરી ભેટ ❋

પૂ. ગુરૂદેવની કૃપાથી સદ્‌ભાવભરી ભેટનો પુનિત પ્રવાહ ચાલ્યાં જ કરે છે. સત્કર્મમાં આપવું એ વાવવા બરાબર છે; જેમ ખેતરમાં વાવેલો એક નાનો દાણો અનેકમાં પરિણમે છે, તેમ સાત્વિક વૃત્તિથી કરેલું દાન પણ એવું જ ઉગી નીકળે છે. તે માટે શ્રદ્ધા જોઇએ. તમારા કરતાં જે જરૂરમંદો છે, તેમને આપવાની વૃત્તિ કેળવશો, તો તેનો અનેકગણો લાભ લણશો.

છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂ.

૨૧ શ્રી અમૃતલાલ એચ. જોષી, વડોદરા.

૧૦૧ શ્રી સોમાભાઈ લખાભાઈ ભગત, દીગસ.

૧૦૦ એક અધ્યાત્મપ્રેમી સુરતના સાધક તરફથી.

૨૨ એક ભક્ત, મોરબી.

૧૫ શ્રી બી. કે. દવે, મુંબઈ.

૧૧ શ્રીમતી દયાબેન કાનજીભાઈ ગોહિલ, ભાવનગર.

૫૧ શ્રી ઈંદ્રજીતસિંહ રાણા, વડોદરા. એસ. એસ. સી. પાસ થતાં.

૧૫૧ શ્રી મહેન્દ્રભાઈ ભકત, ન્યુઝીલેન્ડ. પરદેશ નિવાસ નિમિત્ત.

૧૧ શ્રી જયાબેન ઠક્કર, ભાવનગર. ભાઇ વિક્રમની સગાઈ નિમિત્તે.

૫૧ શ્રી રાજેન્દ્રભાઇ અધ્વર્યુ, સુરત. નવી દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે.

૧૦૧ શ્રી અમથીબા મગનલાલ પંડ્યા, બોરવલી. વાસ્તા નિમિત્ત.

૨૧ શ્રી નટવરભાઈ શવાભાઈ મહેરિયા, ચરાડા. અજયના જન્મદિન નિમિત્તે.
૫ એક ગ્રાહકબેન તરફથી.
૨૧ ગિરીશભાઇ ભદ્રશંકર અગ્નિહોત્રી, સુરત.
૨૧ શ્રી ભાનુભાઇ અંબાલાલ જાની, મુંબઈ ભાઈ દીપકના લગ્ન નિમિત્તે.

સહુનો આભાર ને અભિનંદન.

પુરુષ તો પુરુષાર્થ જ કરી શકે છે. તેનું ફળ આપવાનું ઈશ્વરના હાથમાં છે. કયારે, કયાં, કેટલું ને કેવું ફળ આપવું તે ઈશ્વર જ જાણે છે. માણસે તેનો વિચાર કરીને શોક ને મોહમાં પડવાનું કોઈ કારણ નથી. કર્મનો કંટાળો લાવીને કર્મ સન્યાસ લેવાની પણ જરૂર નથી.

*

મોટા મોટા મહીપતિ પણ અહીંથી ખાલી હાથે વિદાય થયા છે. છતાં પણ પામર માણસ અહંકારી બને છે અને ના કરવાનાં કામ કરે છે એ આશ્ચર્યજનક છે. સમજુ માણસે સાવધાન રહીને રાતદિવસ એવાં કામો કરવાં જોઈએ કે અંતિમ વખતે તેને કરેલાં કામને માટે પશ્ચાતાપ કરીને રોવું ના પડે. જીવન દરમ્યાન શુદ્ધિની સાધના કરીને તેણે વખત આવે ત્યારે શાંતિપૂર્વક સ્મિત કરતાં વિદાય થવાનું છે.

યોગેશ્વરજી



અમદાવાદના આંગણે

# ગુરુપૂર્ણિમા

ગોરધનભાઇ કલોલા

આજે તા. ૧૧-૭-૮૭, ગુરુપૂર્ણિમાનો પાવન પ્રસંગ. પૂ. મા અને ગુરુદેવ પ્રભુમાં ઊંડી શ્રદ્ધાભક્તિ ધરાવનાર સાધકો ગુરુદેવપ્રભુ પ્રત્યે અહોભાવ વ્યકત કરવા અમદાવાદને આંગણે મધુરિકા હોલ ખાતે પૂ. માના સાન્નિધ્યમાં પધાર્યા છે.

આ મહોત્સવના પ્રાણસમા પૂ. મા ગુરુદેવપ્રભુ સાથે જ્યારે હોલમાં પધાર્યાં ત્યારે સૌએ ગુરુદેવપ્રભુના જયજયકારથી હોલને ગજવી મૂકયો. પ્રસન્નતા અને પવિત્રતાથી વાતાવરણને ભરી દેતાં પૂ. માએ જ્યારે ૮-૪૫ વાગ્યે હોલમાં પદાર્પણ કર્યાં ત્યારે સૌનાં હૈયાં દર્શનસુખથી નાચી ઉઠ્યાં. સૌએ ઉભા થઈ પ્રણામ કરી અંતરના ઉમંગથી પૂ. મા અને ગુરુદેવપ્રભુને વધાવ્યા.

જયશ્રીબેનની ધૂન અને ભજનથી કાર્યક્રમનો મંગલ પ્રારંભ થયો. શ્રદ્ધાભકિત સંપન્ન સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્મા પણ પધાર્યા છે. પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં ગુરુમહાત્મય વિષે સુંદર પ્રવચન આપ્યું. સંસ્કૃતમાં વૈદિક મંત્રોના ગાનથી જે રીતે તેઓએ ગુરુદેવપ્રભુની માનસ પૂજા કરી તેથી કોઈ પ્રાચીન ઋષિવરના દિવ્ય વાતાવરણથી અલંકૃત આશ્રમનું વાયુમંડળ ચારે તરફ ફરી વળ્યું. સાથે સાથે ગુજરાતના પ્રખર જયોતિષિ શ્રી કપિલદેવ શર્માએ ષોડશોપચાર વિધિથી પૂ. ગુરુદેવનું પૂજન, અર્ચન કરાવ્યું. આ પૂજન વિધિમાં પૂ. માની ઇચ્છા સુજબ કેનેડાના બે બટુકોએ ભાગ લીધો. આજના પુણ્ય પ્રભાતે મંગલમય

વાતાવરણ વચ્ચે ગુરુપૂજનનો માંગલિક વિધિ સૌ ભાવિકોએ માણ્યો.

પૂજા વિધિ બાદ હોલ ગુરુદેવપ્રભુની દિવ્ય મંગલકારી વાણીથી છવાઈ ગયો. એક કલાકના એ ટેપ પ્રવચનથી ગુરુદેવપ્રભુ સૌના અંતરમાં શબ્દબ્રહ્મ રૂપે જાણે પ્રત્યક્ષ પધાર્યા! જીવનના જટીલ મહાભારત જંગમાં પરમાત્માનો પક્ષ કેવો મંગલકારી છે તેનું મહાત્મય પ્રવચનમાં સમજાવ્યું. પ્રવચનનો સાર વણી લેતાં ગુરુદેવ પ્રભુએ કહ્યું કે જીવનનાવનું સૂકાન પ્રભુને સોંપી નિશ્ચિંત બનવું જોઇએ. જીવનરથના સારથીપદે પ્રભુની જ વરણી કરવી જોઇએ. અવાજ એવો સ્પષ્ટ હતો કે ગુરુદેવપ્રભુની ધીર ગંભીર પ્રાસાદિક વાણીથી મન ધરાતું જ ન હતું. એ સનાતન સંગીતથી સૌનાં દિલ ઝંકૃત થતાં રહ્યાં.

ગુરુદેવપ્રભુની કૃપાવર્ષાથી પ્રેમભીની પૂ. માની વાણી ગુરુપૂર્ણિમાનો ગુરુમહાત્મયનો સંદેશ આપી રહી. પૂ. મા પ્રવચન આપતાં નથી પણ પ્રવચનનું ગાન કરતાં હોય છે. હૃદયના ભાવો કાવ્ય સરિતાના રૂપમાં સરતા રહે છે.

યોગેશ્વર ભગવાન, એ છે મારા જીવનના આરામ,<br>
કરું છું એના ચરણે કોટિ પ્રણામજી.

* * *

ગુરુજીના ચરણે ગંગા યમુના<br>
ગુરુના ચરણે અડસઠ તીરથ,<br>
દર્શનથી કૃતકૃત્ય બની—ગુરુજીના ચરણમાં શાંતિ મળી.<br>
ગુરુના ચરણે સઘળાં શાસ્ત્રો,<br>
વેદપુરાણની ઝાંખી મળી—ગુરુજીના ચરણમાં શાંતિ મળી.<br>
ગુરુમાં બ્રહ્મા ગુરુમાં વિષ્ણુ,<br>
શિવ ને શક્તિરૂપ મળી—ગુરુજીના ચરણમાં શાંતિ મળી.



ગુરુકૃપાની અમૃતધારા,<br>
પામીને જીવન મુક્તિ મળી—ગુરુજીના ચરણમાં શાંતિ મળી.

* * *

પૂ. મા એ ગુરુકૃપામૃતનું પાન કરાવતાં કહ્યું "ગુરુપૂર્ણિમા એ ગુરુ પ્રત્યેનું ઋણ સ્વીકારવાનું પર્વ છે. કોઈ વિરલ જન્મસિદ્ધ માટે કદાચ ગુરુની જરૂર નહીં હોય, પણ આપણા માટે તો ગુરુ એજ પરમાત્માનું સ્વરૂપ છે. ભગવાન દત્તાત્રયે સૃષ્ટિમાં સર્વત્ર ગુરુકૃપાના મહિમાનું દર્શન કર્યું હતું. આજે અહીં આપણે સૌ ગુરુદેવપ્રભુની પ્રસન્નતા માટે મળ્યા છીએ. ગુરુદેવને ગમતું હોય તે કરી ગુરુદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરો, શ્રદ્ધા બળવાન રાખો. સવારે મેળવેલા દૂધનું દહીં થશેજ એવી અખૂટ શ્રદ્ધા રાખો. હાલમ ડોલમ થતી શ્રદ્ધા જીવનમાં ગુરુકૃપામૃતનું પાન નહીં કરાવી શકે. ગુરુ એજ અમારા માટે પ્રભુ છે. અમારાં કાર્યો ગુરુદેવપ્રભુએ કર્યાં છે, અને અત્યારે પણ દરેક કાર્યો કરી રહ્યા છે. અને ભાવિમાં પણ કરશે જ, એવી અમારી અખંડ શ્રદ્ધા છે. સતત વાર્તાલાપ આપ્યા કરું તો પણ ગુરુદેવના ગુણગાન ગાઈ શકું નહીં."

ગુરુદેવ પ્રભુની કૃપાએ દર્શનાબેનના જીવનમાં કેવી અદ્ભૂત ક્રાંતિ કરી તેની વાત કરે છે. ગુરુદેવપ્રભુની કૃપાદૃષ્ટિ શું નથી કરી શકતી તે દર્શનાબેનનું જીવન બતાવે છે. દર્શનાબેનનું જીવનવૃત્તાંત પૂ. માએ વાંચ્યું. તે ઉપરથી લાગ્યું કે ભૌતિક જગતની ગમે તેવી સમર્થશક્તિ પણ દર્શનાબેનના જીવનનું અસ્તિત્વ ટકાવી શકે તેમ ન હતી. દર્શનાબેનનો ચૈતન્યદીપ આજે પણ પ્રકાશ આપી રહ્યો છે. તેની પાછળ ગુરુકૃપા રૂપી ઘૃતનું સિંચન છે, તે નિઃસંશય છે. સમય મેળવીને પણ સૌએ દર્શનાબેનના કૃપાવર્ષાથી

આર્દ્ર બનેલા દિલની વાણી સાંભળવા જેવી છે.

પૂ. મા સર્વમંગલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બાબુભાઇ વોરા સાહેબના જીવનની પણ વાત કરે છે. ગુરુકૃપા શું છે તેનું શ્રી બાબુભાઇ જીવંત ઉદાહરણ છે. આજે ૭૨ વર્ષની વયે ઉડતા પંખી જેવા સ્ફૂર્તિમય જીવનની પાછળ, એ જીવન પાંખોમાં ગુરુદેવપ્રભુએ રેડેલી દિવ્યશક્તિ છે. સર્વમંગલ ટ્રસ્ટના સર્વ કાર્યો અને લગભગ બધાજ ભવ્ય કાર્યક્રમોનું સંચાલન શ્રી બાબુભાઇ પેલી અલૌકિક શક્તિના સહારે કરી રહ્યા છે. પૂ. માના તો શ્રી બાબુભાઇ જમણા હાથ છે. પૂ. માએ શ્રી બાબુભાઈની સેવાને યોગ્ય અંજલિ આપતાં કહ્યું કે તેમની સેવા એક કઠિન તપશ્ચર્યા છે. નિષ્કામભાવની એ જીવંતમૂર્તિ છે.

શ્રી બાબુભાઇ ગળગળા સાદે સૌને કૃપામૃતનું પાન કરાવતાં કહે છે કે અચાનક જ ગુરુદેવપ્રભુ મારા જીવનમાં આવ્યા અને એમની કૃપાથી મારું જીવન છવાઇ ગયું. તેમણે કહ્યું, "મારા તથા મારા કુટુંબના જનોની ગંભીર માંદગીના પ્રસંગે ગુરુપ્રભુએ જ જીવન પ્રદીપને પ્રકાશતો રાખ્યો છે. મારી અનેક આર્થિક વિટંબણાઓમાંથી તેમણે જ પથપ્રદર્શન કરી માર્ગ બતાવ્યો છે. ચોરાયેલા પૈસા પણ તેમણે જ અદ્ભુત રીતે પાછા અપાવ્યા છે. ઊંડા ખાડામાં ગબડી પડતાં તેમણે જ જીવન રક્ષા કરી છે. ગુજરાત સરકાર આજે પણ કાર્યોની કદર કરી પેન્શન પછી પણ અવારનવાર મુશ્કેલીમાં માર્ગદર્શન માગે છે. તેની પાછળ ગુરુદેવપ્રભુની અનંત કૃપા છે."

પૂ. મા સ્વર્ગારોહણ વિશ્રામગૃહના સંચાલક શ્રી બાલુભાઇ પટેલના શ્રદ્ધાભક્તિ સંપન્ન જીવનની વાત કરે છે. ગુરુકૃપાએ બાલુભાઈના જીવનને અનેરી શ્રદ્ધા બક્ષી છે,



પૂ. માએ કહ્યું કે તેઓ અત્યારે તપસ્વી જીવન જીવી રહ્યા છે. સંચાલનની શરૂઆતની મુશ્કેલીઓને ગણકાર્યા સિવાય ગુરુઆજ્ઞાને માથે ચડાવી એકનિષ્ઠપણે ફરજ બજાવી રહ્યા છે. એક પણ પૈસો લીધા સિવાય નિષ્કામ ભાવે સેવા આપવી તેની પાછળ ગુરુકૃપા અને બાલુભાઈની અખૂટ શ્રદ્ધાભક્તિ કામ કરી રહ્યાં છે. બાલુભાઈએ સ્વર્ગારોહણમાં શિસ્તભર્યું સુંદર વાતાવરણ ઊભું કર્યું છે જેની સુવાસ અંબાજીધામમાં પ્રસરી છે. દારૂપીને તોફાન કરવા આવનાર માણસના કડવા અનુભવની વાત કરતાં પૂ. માએ કહ્યું કે એજ માણસ સામે ચાલીને બાલુભાઇની માફી માગવા આવે તે પરિવર્તનની પાછળ પણ ગુરુકૃપાનું પીઠબળ છે.

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે ગુરુકૃપામૃતનું પાન કરનાર સાધકોના જીવનમાં એ સંજીવની શક્તિ એ કેવા અદ્ભુત ચમત્કારો સર્જ્યા છે તેનો પૂ. મા ઉલ્લેખ કરી રહ્યાં છે. શ્રી ઈશ્વરભાઈએ ગુરુકૃપાનાં સંસ્મરણોને યાદ કરતાં કહ્યું કે પૂ. શ્રીની અમેરિકાની યાત્રા વખતે તેમની સાથે રહેવાનું બન્યું ત્યારે તેઓએ મારી આધ્યાત્મિક જીવનની ઉણપો કૃપા કરી દૂર કરી. અહંને ઓગાળ્યા સિવાય ઈશ્વરાનુભૂતિ શક્ય નથી તે વાત પર પૂ. શ્રી ખૂબ ભાર મૂકતા, તેઓ એક મહાન માનવતાવાદી મહાપુરુષ હતા.

આજે ચંદ્રકાન્તભાઈના પુત્ર કૌશિકે પોતાની ગુરુદેવપ્રભુ તરફની ભાવના સુંદર રીતે વ્યક્ત કરી. પૂ. માને આ વાત ખૂબ જ ગમી. કૌશિકે આજના પાવન પ્રસંગે ગુરુદેવપ્રભુના શ્રી ચરણોમાં નાનકડો બચતકુંભ અર્પણ કર્યો. પૂ. માએ કૌશિકની ભાવનાને બિરદાવતાં કહ્યું કે બીજા બાળકોએ કૌશિકના સત્કાર્યમાંથી પ્રેરણા લેવી જોઇએ. પૂ. માએ બાળકોને કહ્યું કે તમને તમારા માતાપિતા કે વડીલો તરફથી જે રકમ

મળે તેમાંથી બચત કરી તેને સત્કાર્યમાં અર્પણ કરી સંસ્કારોનું ઉત્તમ ભાથું બાંધવું જોઇએ.

પૂ. શ્રીના જૂના અંગ્રેજી પુસ્તક " એસેન્સ ઓફ ગીતા "-ની નવી આવૃત્તિ વડોદરાથી બહાર પડી તેનો ઉલ્લેખ કરી શ્રી સી. કે. શાહ સાહેબે તે નાનકડું પુસ્તક કેવી રીતે જ્ઞાનના ભંડારસમુ છે તે વાત વિગતે સમજાવી, સૌને તે પુસ્તક વાંચવા અનુરોધ કર્યો.

આકરી તપશ્ચર્યાને પરિણામે પૂ.માને પૂ.શ્રીના અનેક દિવ્ય અનુભવો થતા રહે છે. એવા એક દિવ્ય વાર્તાલાપનો અનુભવ પૂ.માએ વર્ણવ્યો. પૂ.શ્રીના દિવ્ય દર્શન પામતાં પૂ. શ્રી સાથેનો વાર્તાલાપ આ પ્રમાણે હતોઃ-

પૂ. મા-મારું ધ્યેય ક્યારે પૂરું થશે ?

પૂ. શ્રી-તો આ બધું કોણ કરશે ?

પૂ. મા-શું ?

પૂ. શ્રી-સર્વમંગલ, અધ્યાત્મ, અંબાજી વિ.

પૂ. મા-એ બધું ક્યારે પૂર્ણ થશે ?

પૂ. શ્રી-એક વર્ષ તો નીકળી જાય.

પૂ. માએ કહ્યું કે એ વાતને પણ બે વર્ષ પસાર થઇ ગયાં. છતાં નિરાશ થયા વિના અમે અમારા ધ્યેયને વળગી રહ્યાં છીએ, અમને એવી અચળ શ્રદ્ધા છે કે ગુરુકૃપાથી સર્વ કાર્યો જરૂર ને જરૂર સિદ્ધ થશે જ.

ચારસોથી પણ વધારે સાધકોની હાજરી વચ્ચે આ પાવન પર્વ ભારે ઉત્સાહથી ઉજવાયું. શ્રી બાલુભાઇ અને તેમના સાથીદારોએ પૂ. માની આજ્ઞા સહર્ષ વધાવી ભારે જહેમત ઉઠાવી સુંદર વ્યવસ્થાથી પ્રસંગને દીપાવ્યો. અમદાવાદના સાધક ભાઇઓનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછા છે. ગુરુપૂર્ણિમાના દિવસે લાડુનું સર્વ પ્રિય ભોજન આપી સૌને



તૃપ્ત કર્યાં.

સુશીલાબેનના મધુર કંઠે ગવાતા રાષ્ટ્રગીતોએ સુંદર રાષ્ટ્રીયતાનું વાતાવરણ સર્જ્યું. પૂ. શ્રીની રાષ્ટ્રીય ભાવના-ને આ રીતે પોષાતી જોઇ પૂ. માને અનહદ આનંદ થયો. દરેક કાર્યક્રમમાં સુશીલાબેન હાજર રહી આપણા દેશદાઝના સંસ્કારબીજને સિંચન કરતાં રહે તેવો અનુરોધ પૂ. માએ કર્યો.

ગુરુપૂર્ણિમાના પવિત્ર પ્રસંગે પ્રેમ, પવિત્રતા અને શ્રદ્ધાની ત્રિવેણી વહેતી રહી. જગતજનનીના ખોળામાં બેસી સૌ ગુરુકૃપામૃતનું આકંઠ પાન કરી ધન્ય બની ગયા. અંતે દિવ્ય સંદેશને દોહરાવતાં પૂ. માએ કહ્યું. " શ્રદ્ધાના ભાથા-ને વધુ સંપન્ન બનાવીએ. "

યોગેશ્વર ભગવાન એ છે મારા જીવનના આરામ,<br>
કરું છું એના ચરણે કોટિ પ્રણામજી.

* * *

સાષ્ટાંગ નમસ્કાર, કરું છું ચરણે પ્રભુ,<br>
આજની જિંદગી સોપું, શિરછત્ર ધરો પ્રભુ.

આ બધા સંતો, સંતો શીદને કહેવાયા ? કારણ કે જ્યારે મોઢું હસતું રાખવું મુશ્કેલ હતું ત્યારે એમણે હસતું મુખ રાખેલું, ધીરજ ધરવી મુશ્કેલ હતી ત્યારે એમણે ધૈર્ય રાખેલું, જ્યારે વિસામો ખાવો હતો ત્યારે એમણે આગળ ધપ્યે રાખ્યું, બોલવું હતું ત્યારે મૌન સેવ્યું, અને કડવા થવું હતું ત્યારે મીઠાશ જાળવી. બસ એટલું જ. આ સાવ સરળ હતું અને હંમેશ સરળ રહેશે.

## મૌન–સાધના

સતત મૌન-સાધના કેવી પ્રભુમાર્ગે ધપાવે છે !
મનાદિ સર્વ શક્તિને, ધ્યેય-કેન્દ્રિત રખાવે છે !
સ્થૂલ-સૂક્ષ્મ ભૂમિકાઓ, નીરવ એકાન્ત સાધનની-
'અન્તર્મુખ' થવા માટે, ઊંડે અંદર ઉતારે છે !

## સ્મરણ–ભક્તિ

'અધ્યાત્મ'ના સાધન વિશે સૌ, સ્મરણ સાદું શ્રેષ્ઠ છે !
ધીરે ધીરે ઉપર ચઢવા, સરળ પગથી સમું તે છે !
સ્મરણ-અભ્યાસ પડવાથી, હ્રદયમાં ભાવ પ્રગટે છે !
જીવંત એ ભાવની શક્તિ, નવી ક્ષિતિજ ખોલે છે !

## સ્વધર્મ

જીવનના મુખ્ય સંબંધો—મળ્યા જે જન્મની સાથે,
મળેલી જે 'પરિસ્થિતિ', ને સહાયક જોગ-સંજોગો,
—સર્વ તે પરત્વેની ફરજનું ઋણ માથે છે !
સ્વધર્મ આ પ્રભુનિર્મિત, સૌને જન્મ સાથે છે !

—રતિલાલ ભાવસાર



# ઔદાર્ય

ડૉ. રણજિત પટેલ
(अनामी)

ઔદાર્ય-ઉદારતા એ એક એવો સૂક્ષ્મ સદ્‌ગુણ છે, જેને આદિ છે પણ અન્ત નથી, જે સ-સીમ છતાં અસીમ છે, જેને તળિયું હોવા છતાં અતલ છે, જે દેશકાળથી પર છે, એટલે જ ગવાયું:-

अयं निजः परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदार चरितानाम् तु वसुधैव कटुम्बकम् ॥

અર્થાત્:-આ મારું, આ પરાયું તે ગણના ક્ષુદ્ર ચિત્તની, ઉદારચરિતોને તો સારી પૃથ્વી કુટુંબ છે.

'ઔદાર્ય' શબ્દમાં ચતુર્વિધ અર્થચ્છાયાઓ અભિપ્રેત છે.
એક:-દોલું, સખી દિલનું, દાનશીલ,
બે:-ખુલ્લા મનનું, નિખાલસ, સરળ,
ત્રણ:-મોટું, ભવ્ય, વિસ્તૃત,
ચાર:-ઉમદા, સુંદર, ઉદાત્ત.

પણ વ્યવહારમાં તો બહુધા આપણે ઔદાર્યને દાનશીલતા સાથે સંકળાયેલ સમજીએ છીએ. અને આપણી એ સમજણ ખાસ ખોટી પણ નથી... કેમ જે:-

शतेषु जायते शूरः
सहस्रेषु च पंडितः ।
वकता दशसहस्रेषु
दाता जायति वा न वा ॥

મતલબ કે સોમાંથી એકાદ શૂરવીર પાકે, હજારે એકાદ

પંડિત, દશ હજારે એકાદ વક્તા. પણ દાતા તો પાકે વા ન પણ પાકે !

એટલે જ ઉદાર-દાનવીરોની પ્રશસ્તિ કરતાં લોક કવિઓએ ગાયું:-

જનનિ ! જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવે નૂર.
વળી, કર પર પહેરે કડાં, કર પર કર ધરે નહીં.
એ માણસ નહીં મડાં : સાચું સોરઠિયો ભણે.

ગીતાના ૧૬મા અધ્યાયના આરંભે अभयं सत्त्वसंशुद्धि-થી આરંભાતા શ્લોકમાં પણ દાનનો મહિમા ગવાયો છે. વળી ગીતાના સત્તરમા અધ્યાયના શ્લોક વીસથી બાવીસમાં પણ સાત્વિક, રાજસિક અને તામસિક-એ ત્રણ પ્રકારના દાનને આ પ્રમાણે વર્ણવેલ છે.

દાતવ્યમિતિ યદ્દાનં દીયતેઽનુપકારિણે ।
દેશેકાલેચપાત્રેચ તદ્દાનં સાત્વિકં સ્મૃતમ્ ॥

'દાન દેવું જોઈએ' એમ (સમજી) જે દાન દેશ, કાળ અને પાત્રમાં ઉપકાર નહિ કરનારને દેવાય છે, તે દાનને સાત્વિક કહ્યું છે.

યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમુદ્દિશ્ય વા પુનઃ ।
દીયતે ચ પરિક્લિષ્ટં તદ્દાનં રાજસં સ્મૃતમ્ ॥

પણ જે દાન સામાના ઉપકાર માટે અથવા ફળને ઉદ્દેશી વા કચવાઈને દેવાય છે, તે દાનને રાજસ કહ્યું છે.

અદેશકાલે યદ્દાનમપાત્રેભ્યશ્ચ દીયતે ।
અસત્કૃતમવજ્ઞાતં તત્તામસમુદાહૃતમ્ ॥

અને અયોગ્ય દેશકાળમાં, અયોગ્ય પાત્રોને, સત્કાર વિના



અપમાનપૂર્વક જે દાન દેવાય છે, તેને તામસ કહ્યું છે.

ઔદાર્ય-ઉદારતાને વિશાળ ફલક ઉપર વિચારીએ તો, પ્રજાઓના સામાજિક, રાજકીય કે ધાર્મિક જીવનમાં જ્યાં સ્થિતિચુસ્તતાનો અભાવ વરતાય છે ત્યાં ઉદારમતવાદ-લિબરેલિઝમ-નો વિકાસ થતો હોય છે. કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ પ્રજામાં અરસપરસ આદર, સદ્‌ભાવ, સહિષ્ણુતા અને આભિજાત્યનો અભાવ હોય ત્યાં ઔદાર્ય-ઉદારતાનું પુષ્પ ખીલી જ ન શકે.

ઈતિહાસના કોઈપણ કાળે, સંસ્કૃતિઓના કોઈપણ તબકકે, વિશ્વજીવન આજે જેટલું સંકીર્ણતાઓ-જટિલતાઓથી ઘેરાયેલું-જકડાયેલું છે તેટલું કદાપિ ભાગ્યેજ હશે. આંતરરાષ્ટ્રવાદને સ્થાને નઠોર રાષ્ટ્રવાદ, શુદ્ધ ધર્મને સ્થાને ઝનૂનભરી ધર્માંધતા, સરળ માનવતાને સ્થાને હીણોદ્વેષીલો રંગભેદ, આર્થિક સહકારને સ્થાને વકરેલો મૂડીવાદ, બહુમતિની લઘુમતિ પરની દાદાગીરી, મતસહિષ્ણુતાને સ્થાને પાશવી યુયુત્સા, શસ્ત્રોના ઘાતક ગંજ નીચે રુંધાયેલો-દબાયેલો શાંતિનો ક્ષીણ અવાજ, સમૃદ્ધિના એવરેસ્ટ વચ્ચે ઘૂઘવતો દારિદ્રયનો આટલાન્ટિક...કેટકેટલી વિષમતાઓ વચ્ચે આજનો માનવી જીવન્મૃત જીવી રહ્યો છે ! ઔદાર્યની સંજીવની જ નવજીવન બક્ષી શકે.

'હિન્દુધર્મનો પ્રધાન સૂર તો ઇતર ધર્મોને માટે પણ આદર અને સદ્‌ભાવનો છે ! ઔદાર્ય વિના આ અશક્ય. જેને શૈવો શિવરૂપે, વેદાંતીઓ બ્રહ્મરૂપે, બૌદ્ધો બુદ્ધરૂપે, પ્રમાણ પટુ નૈયાયિકો કર્તારૂપે, જૈનશાસનને માનનારાઓ અર્હંતરૂપે અને મીમાંસકો કર્મના નિયમરૂપે ઉપાસે છે તે ત્રિલોકનો નાથ હરિ અમને વાંછિત ફળ આપો"-આ શ્લોક

ધાર્મિક ઔદાર્યના આદર્શ નમૂનારૂપ છે. ભગવાન ઇસુની આ ઉક્તિમાં પણ ધાર્મિક ઉદારતાનાં જ દર્શન થાય છે. ઇસુ કહે છે. 'મારી પાસે બીજાં' પણ ઘેટાં છે, જે આ વાડામાં નથી.' 'જગત એટલું વિશાળ છે, કે તેમાં ભિન્ન ભિન્ન સ્વભાવના માણસોનો સમાસ સહેજે થઇ રહે'-ભિન્ન ભિન્ન ધર્મો અને ભિન્ન ભિન્ન રાજકીય વિચાર સરણીનો પણ. જો આપણામાં એકબીજાને ધિક્કારવા પૂરતી ધર્મનિષ્ઠા છે, તેને બદલે એક-બીજાને ચાહવા પૂરતી ઉદારતા હોય તો. અંતે તો, સંત તુલસીદાસજી કહે છે, તે પ્રમાણે.

'એસો કો ઉદાર જગ માહીં
બિનુ સેવા જો દ્રવે દીન પર
રામ સરિસ કોઉ નાહીં!'

ઔદાર્ય-ઉદારતાના એવા નિધિ-રામને આપણે પ્રણામ કરીએ.


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




# વાચાળતા

("સત્"—Being—અસ્તિત્વ—ની નિદ્રા)

ભાઇલાલભાઇ છાટબાર

એક ઝેન કથા છે:

મૈજી યુગ (૧૮૬૮–૧૯૧૨) માં જાપાનમાં એક સમર્થ ઝેન-પ્રબોધક 'નાન-ઇન' થઈ ગયા.

એક દિવસ એમની મુલાકાતે એક યુનિવર્સિટીના પ્રોફેસર આવ્યા. તેને 'ઝેન' વિશે જાણવાની જિજ્ઞાસાપૂર્ણ ઉત્કંઠા હતી;—તે માટે તેણે પ્રાસ્તાવિક લાંબી લાંબી વાતો શરૂ કરી દીધી.

નાન-ઇને ચાનો પ્યાલો ધરી એનું સ્વાગત કર્યું. એમણે પ્રોફેસરનો પ્યાલો ચા રેડીને છલકાવી દીધો અને ચા રેડવાનું ચાલુ રાખ્યું.

પ્યાલો તો છલકાઈ ગયેલો. રકાબીમાં પણ છલકાવા આવેલી ચાને પ્રોફેસરે પહેલાં તો જોયા કરી, પરંતુ પછી તે મૂંગા રહી શકયા નહિ. તે બોલી ઊઠ્યા કે—બસ કરો. સમાઇ શકે તે કરતાં વધારે ચા થઈ ગઇ છે. હવે વધારે ચા માટે જગ્યા નથી રહી.'

નાન-ઇને સસ્મિત વદને કહ્યું કે-આ પ્યાલાની માફક તમે, તમારા પોતાના છીછરા અભિપ્રાયો, પુસ્તકિયા માહિતી અને પરંપરાગત માન્યતાઓથી ભરપૂર બની છલકાઈ ગયેલા છો. પહેલાં તમે પોથી-પાંડિત્યથી છલોછલ તમારો પ્યાલો ખાલી કરીને જગ્યા ના કરો ત્યાંસુધી તમારી અંદર 'ઝેન' કયી રીતે પ્રવેશ પામી શકે?

જીવનજાગૃતિવાહક સિદ્ધ જ્ઞાનપીઠોમાં નવા સાધકો માટે એક ચુસ્ત નિયમ હોય છે કે તેમણે પોતાની સાધનાની વાત વાચાળ બનીને બહારની વ્યકિતઓને કદાપિ ન કરવી. સાધક તેમ છતાં શરતચૂકથી, ઉમંગના અતિરેકથી કે પ્રશિક્ષણના પ્રભાવથી અભિભૂત થઈ વાત કરી બેસે તો આવી બેકાબૂ અભિવ્યક્તિ વિરોધ-અવરોધ રૂપે તેની સામે જ આવે છે. –પરિણામે ત્યારે તેને નિયમભંગ દોષનો ખ્યાલ આવે છે.

મોટા ભાગના પ્રારંભિક સાધકો અતિ અધીરા અને અતિ ઉત્સાહી હોય છે. તેઓએ શરૂમાં સાધનમાર્ગે પૂરતો સમય આપ્યો હોતો નથી. તેઓ–સાધના અંગેની કાચી સમજણ હોવા છતાં–ટૂંકી બુદ્ધિ–દૃષ્ટિનાં તારણો જલ્દી જલ્દી આપવા લાગે છે અને તેથી અસત્ય-સંભાષણમાંથી ઉગરી શકતા નથી.

વાતોથી દૂર રહેવાનો સિદ્ધપીઠનો નિયમ સાધકો અસત્ય ભાષણ ના કરી બેસે તે માટે લાલબત્તી ધરે છે. તેઓ હજી પોતે પૂરેપૂરી રીતે જાણતા ના હોય તેવી સાધનાની હકીકત વિશે બોલવા માંડે ત્યારે સહજ રીતે તેમના સંભાષણમાં અસત્યની છાંટ આવી જાય છે; તેથી સાધનામાર્ગે એકાદ-બે પગલાં માંડ માંડ ભર્યાં હોય ત્યાં શીખેલી વાત કહેવા લાગી જાય અને તેના વિશે તારણ પણ ઉચ્ચારી બેસે તો–તેમનો ભલે શુભ આશય હોય તો પણ–તેઓ અસત્ય ભાષણ કરી બેસે છે.

આવો સાધક પોતાના સ્નેહી-મિત્રને એક વાત સમજાવવા જાય છે ત્યાં બીજા પેટા પ્રશ્નો ઉભા થાય છે. કાચી અવસ્થાનો સાધક તેના ઉત્તર આપવા સક્ષમ હોતો નથી.

કુતૂહલપ્રિય અન્ય લોકોને તે વિશે વાત કરે તો અનુભવહીન આવા લોકોને માટે તે શ્રદ્ધાથી માનવા જેવું કાંઇક



બની રહે છે. આવા સામાન્ય લોકો કાં તો સાધકની વાતનો વિવેક ખાતર સ્વીકાર કરશે અથવા નિખાલસતાથી અસ્વીકાર. સ્વીકૃતિ પણ અસ્વીકાર જ હોય છે.

સિદ્ધપીઠના સાધનાપથની વાત પ્રચલિત સામાન્ય વિચારોથી મહદ્ અંશે અલગ કક્ષાની–અલગ આયામની હોય છે તેથી સાંભળનારાના મનમાં તે વાતમાં શંકા-આશંકા ઊભી થવાનું સહજ છે.

સાધકે કરેલી વાત આમ એળે જશે અને શ્રોતાવૃંદમાં આસ્તિકોની સંખ્યા ઘટશે; તો પછી સાધકે શામાટે નિરર્થક વધારે સંખ્યામાં નાસ્તિકો પેદા કરવા જોઇએ ?

બલૂનમાં છીદ્ર પાડીએ તો બલૂનની અંદરની ચીજ બહાર નીકળી જાય છે. સાધક વાચાળ બની મન-હૃદય-અંતરમાં છીદ્ર પાડે તો સંગ્રહિતમાંથી થોડુંક તો અવશ્ય બહાર નીકળી જાય છે.

લોકોની બહુ સામાન્ય ટેવ છે કે તેઓ વિના વિચાર્યે વાત કર્યે જાય છે. તેઓ વધુ પડતી બિનજરૂરી વાતો કરે છે. તેઓ પોતાની વાચાળતાની ટેવ તરફ બેધ્યાન હોય છે. 'પોતે મિતભાષી છે અને કદીય વાચાળ બનતા નથી'–આવી વાત ખાસ કરીને અતિવાચાળ મનુષ્યો કહેતા હોય છે.

મુખરિત વાચાળ વ્યકિત પોતાની શકિતનો અતિ વ્યય કરે છે. લાંબા સંભાષણ, નિરર્થક ચર્ચા અને અહંમૂલક વાકપટુતાનો આડંબરી પ્રવાહ સાધકની પ્રગતિને અવરોધે છે.

આ વાચાળતાનો વિષય અવલોકવા જેવો છે. વ્યકિત પોતાનો સારોય દિવસ કેવી રીતે ગાળે છે, કેટલાક વિશિષ્ટ સંજોગોમાં પોતે કેવા પ્રકારે યંત્રવત્ વાત કર્યે જાય છે અને

અન્ય પ્રસંગે પોતે કેવી રીતે કટકટિયા ડબા (Chatter box) જેવી બની રહે છે, તે જોવા જેવું છે. વ્યક્તિ વાતનો ચસ્કો જતો કરી દઇ શકતી નથી.

વાતવ્યાસંગી વ્યક્તિ પણ જોવા મળે છે અને તેમાંથી તેને આનંદ સાંપડતો હોય છે. કેટલીક વાર વ્યક્તિ પોતાના ખાલી ફાલતૂ સમયને સતત્ વાતો કરીને ભરી દેતી હોય છે.

નિરર્થક વાતોમાં થતા આવી રીતના ફોગટ કાળક્ષેપનું અવલોકન જરૂરી છે. આવી વાતોનું જાગૃતિપૂર્વકનું અવલોકન અને તેમાંથી બચાવ જરૂરી છે.

વાચાળતાનું સજાગપણે અવલોકન અને તેને બંધ કરવા જતાં સર્જાતા માનસિક સંઘર્ષણ સામે ઝઝૂમવું એ અતિ અઘરું કામ છે પરંતુ તે કરવાનું રહે છે જ.

વાચાળતાથી વિમુખતા તે એક આકરી કસોટી છે. તે દૃઢ મનોબળ કેળવવા માટેનો એક વ્યાયામ છે, સ્મૃતિ અને સમજણમાં વૃદ્ધિ કરવા માટેનો એક મનોયત્ન છે.

સિદ્ધપીઠનો સાધક શિસ્તબદ્ધ રીતે વાણીસંયમના નિયમનું પાલન કરે છે અને તેનો વાણીસંયમ તેને સ્વ–સ્મરણમાં અત્યંત સહાયક બની રહે છે કેમકે આ નિયમ બધી સામાન્ય ટેવો સામેનું એક પ્રભાવી પ્રતિરોધક પરિબળ છે.

સાધનામાં પ્રાથમિક પગલાંઓ મૂલ્યવાન હોય છે અને તેની વાત-ગજુ ન હોવા છતાં-ભાંગીતૂટી. ભાષામાં રજૂ કરી દઈ, સાધનમાર્ગની સંગીનતાનો ભંગ કરવાનો દોષ-અધૂરો સાધક અજાણતાં કરી બેસે છે.

સાધકે સારાસારનો વિચાર કરી વિવેકબુદ્ધિથી જ જરૂરી પ્રમાણમાં મોઢું ખોલવું જોઈએ.



સાધકે સર્વપ્રથમ સાધનમાર્ગે સંપૂર્ણતા સંપ્રાપ્ત કરવાની રહે છે અથવા તે અવસ્થા પ્રાપ્ત ન થતાં સુધી સાધનક્રમ અંગેની વાતને સ્પર્શ કરવાનો રહેતો નથી. સાધનાની પારપૂર્ણતા પછી સહજતાની સંપ્રાપ્તિ થાય;–ત્યારપછી જ આંતર્ચેતના મનને પ્રેરિત કરે ત્યારે, સાધક કાંઈક વાત શરૂ કરી શકે.

સાધક મૌનપાલન કે મિતભાષિતા દાખવી શકે અને સાધનાની ગોપનીય વાતો મન-હૃદયમાં સંગ્રહી શકે તો જ તે સમગ્રતાની સામગ્રી એકત્રિત કરી શકે.

સિદ્ધપીઠની સાધનપદ્ધતિનાં પગલાં સુરક્ષિત રહે અને સાધકની બેકાળજીથી તેની ગુણવત્તા નીચે ના ઊતરી જાય તે માટે વાણીસંયમનો નિયમ અતિ મહત્ત્વનો છે.

જીવનજાગૃતિવાહક સિદ્ધપીઠોમાં સત્યપથી સાધકો અને સત્યમૂલક સિદ્ધાંતો તેમજ નીવડેલી સત્યાન્વેષી સાધનપદ્ધતિની જીવન્ત સરવાણી સદાકાળ વહેતી રહે છે. જીવનમાં કાળધર્મી મનુષ્ય અને તેના સિદ્ધાન્ત અવધિ પૂરી થતાં કાળક્રમે નાશ પામે છે–જલ્દી જલ્દી નહિ પણ ધીરે ધીરે. પરંતુ સિદ્ધપીઠનું અમૃતત્વ કાયમ ટકી રહે છે.

વાચાળતા "સત"—Being—ની સુષુપ્તિ તરફ ખેંચી જાય છે.

સંયત શબ્દોચ્ચાર મૌનની જ ભાષા છે અને તે ઉચ્ચારતાં, અંતરથી પ્રયત્ન કરવો પડે, ત્યારે મૌનનું આવું મિતભાષી ઉચ્ચારણ જાગરુકતા (awareness) છે.

# ઈશ્વર કી ઓર

મૂ. લે. : પૂ. સંત શ્રી આશારામજી બાપુ
સંકલન : મમતા પી. ભાટીયા

इन्द्रियार्थेषु वैराग्यं अनहंकार अेव च ।
जन्ममृत्युजराव्याधि दुःख दोषानुदर्शनम् ॥

વિષયોમાં વિરક્તિ, અહંભાવનો અભાવ તેમજ જન્મ, મૃત્યુ, જરા તથા શરીર વ્યથામાં દોષદષ્ટિથી જોવું (તે જ્ઞાન છે.)

આજ સુધી કેટલાય જન્મોમાં કુટુંબ પરિવાર તમે બનાવ્યા. અને એ બધા મોતના એક ઝાટકાથી ભાંગી પડ્યા. માટે હવે કુટુંબનો મોહ મનમાંથી દૂર કરો.

જો શરીરની ઇજ્જત આબરૂની, માન મોભાની ઇચ્છા હશે તો અધ્યાત્મિક માર્ગમાં અડચણ બની જશે. ફેંકી દો. શરીરની મમતાને, નિર્દોષ બાળક જેવા થઇ જાઓ. આ શરીરને ઘણું સંભાળ્યું, ખવડાવ્યું, પીવડાવ્યું, ફેરવ્યું, પરન્તુ એ શરીર હમેશાં ફરિયાદ કરતું જ રહ્યું. કયારેક બીમારી તો કયારેક અનિદ્રા, કયારેક સાંધાઓનો દુખાવો તો કયારેક માથાનો દુઃખાવો, કયારેક કબજિયાત તો કયારેક અપચો, શરીરની ગુલામી ખૂબ કરી. હવે મનોમન શરીરની મુસાફરી પૂરી કરી દો. શરીરને કયાં સુધી 'હુ" માનતા રહેશો ભાઇ...!

દૃઢતાપૂર્વક નિશ્ચય કરો કે આ તમારી જે વિશાળ કાયા છે, જેનાં નામ અને રૂપને તમે 'હુ" માનીને સંભાળી રહ્યા છો એ તમારી કાયાનો, એ તમારા દેહનો અધ્યાસ આજે તોડવો છે. સાધનાના ઊંચા શિખેરે પહોંચવામાં એ અડચણ-રૂપ છે દેહની આ મમતાથી પાર થવું પડશે. જ્યાં સુધી



દેહની મમતા રહેશે ત્યાં સુધી કરેલાં કર્મો બંધનરૂપ બની રહેશે. જ્યાં સુધી દેહમાં આસક્તિ રહેશે ત્યાં સુધી વિકારો તમારો પીછો નહિ છોડે. જ્યાં સુધી દેહાધ્યાસ નિવૃત્ત થશે નહિ ત્યાં સુધી પ્રભુના ગીત ગુંજશે નહિ, બ્રહ્મસાક્ષાત્કાર થઈ શકશે નહિ. સૌથી મોટું દુર્ભાગ્ય છે જન્મવું અને મરવું. હજારો સુખ–સગવડનાં સાધનો વચ્ચે ભલે કોઇ જન્મ લે, તેથી શું ફેર પડવાનો છે? એ બિચારાને દુઃખો સહેવાં જ પડે છે.

હૃદયપૂર્વક, પ્રમાણિકતાથી પ્રભુને પ્રાર્થના કરો કે : 'હે પ્રભુ! હે દયાના સાગર! તારા દ્વારે આવ્યા છીએ. તારી પાસે કશાની ખોટ નથી. તું અમને બળ આપ, હિંમત આપ કે તારે માર્ગે ડગ માંડ્યા છે તો અમે આખરે પહોંચીને જ રહીએ. હે મારા પ્રભુ! દેહની મમતા તોડીને અમે તારા ચરણોમાં અમારા દિલને જોડી દઈએ.'

આજ સુધી આગળના જન્મોમાં તમારા કેટલાય કુટુંબી-જનો, કેટલાય સગાં સંબંધીઓ થઇ ગયા હશે. દેહ સાથે તમારી આસકિત જેટલી પ્રગાઢ હશે એટલો સંબંધોનો બોજો તમારા પર વધારે રહેશે. દેહની આસક્તિ જેટલી ઓછી હશે તેટલો બોજો હલકો રહેશે. અંદરથી દેહની અહંતા તૂટી જાય તો બહારની મમતા તમને ફસાવવા સમર્થ નહિ થાય. અંદરથી દેહની આસકિત તૂટી જાય તો બહારની મમતા તમારા માટે રમત બની જશે. પછી તો તમારા જીવનમાં જીવનમુકિતનાં ગીત ગુંજવા લાગશે.

માત્ર મમતા દૂર કરવાની છે. દેહાધ્યાસ દૂર થઇ જાય તો મમતા પણ દૂર થઇ જાય. દેહાધ્યાસ હટાવવા માટે, દેહમાં થઈ ગયેલી અહંતા હટાવવા માટે આજે સ્મશાનયાત્રા કરી લો. જીવતાં જ મરી જાઓ. થોડીવાર માટે આજે

મોતને આમંત્રણ આપો કે : ' હે મોત ! તું આજે આ શરીર ઉપર ઊતર. '

કલ્પના કરો કે તમારા શરીર ઉપર આજે મોત આવી રહ્યું છે. તમારું શરીર ઢીલું થઇ ગયું. કોઇક નિમિત્તથી તમારા પ્રાણ ચાલ્યા ગયા. તમારું શબ પડ્યું છે. જેને આજ સુધી લોકો 'ફલાણા સાહેબ, ફલાણા શેઠ, ફલાણા ભાઇ' કહેતા હતા, એનું પ્રાણપંખેરું ઊડી ગયું. એ હવે લોકોની નજરે મડદું થઇને પડ્યું છે. વૈદ-ડાકટરોએ હાથ ધોઈ નાખ્યા છે. જેને તમે આટલું પાળતા-પોષતા, સજાવતા-શણગારતા, ખવડાવતા-પીવડાવતા હતા, જેની ઇજ્જત-આબરૂની કાળજી રાખતા હતા, એ શરીર આજે મરી ગયું. પડ્યુ છે સામે, તમે એને જોઇ રહ્યા છો. લોકો ટોળે વળ્યા છે. કોઇ ખરેખર આસું સારી રહ્યા છે અને કોઇ રડવાનો અભિનય કરી રહ્યા છે.

તમે મરી ગયા. શબ પડ્યું છે. લોકો આવ્યા, મિત્રો આવ્યા, પડોશીઓ આવ્યા, સાથીઓ આવ્યા, સ્નેહીઓ આવ્યા. ટેલીફોનની ઘંટડીઓ રણકી રહી છે, તાર કરવામાં આવે છે, સંદેશો મોકલવામાં આવે છે. મૃત્યુ થતાં જે થવું જોઇએ એ બધું જ કરવામાં આવે છે.

આ અંતિમ મમતા છે દેહની, જેને પાર કર્યા વિના કોઇ યોગી સિદ્ધ નથી થઇ શકતો, કોઈ સાધક પૂર્ણ સૌભાગ્યને ઉપલબ્ધ નથી થઈ શકતો. આ છેલ્લી અડચણ છે, એને દૂર કરો.

તમારું શરીર પડી ગયું, ઢળી પડ્યું, થઈ ગયું 'રામ-नाम सत है ।' તમે મરી ગયા. લોકો ભેગા થઇ ગયા. ઠાઠડી માટે વાંસડા મંગાવામાં આવે છે. તમને નવડાવવા માટે ઘરની અંદર લઈ જવામાં આવે છે. પરંતુ એ ચેતના કયાં ?



એ ચમકારો કયાં ? એ પ્રકાશ કયાં ? જે શરીરને માટે કેટ-કેટલું એને બતાવ્યું, સંભળાવ્યું, એ શરીર આજે શરીર ન રહ્યું, શબ બની ગયું. હવે એક શ્વાસ લેવો પણ એના હાથની વાત ન રહી. મિત્રને ધન્યવાદ આપવો, એક સંત ફકીરને પ્રણામ કરવા એના હાથની વાત ન રહી.

આજે એ પરાધીન શરીર બિચારું, શબ બિચારું ચાલી નીકળ્યું આ જગતમાંથી. જેના ઉપર આટલાં 'ટેન્શન' હતાં, જે જીવન માટે આટલી ખેંચતાણ હતી, આટલી ચિંતાઓ હતી, એ જીવનની આ હાલત ! જે શરીર માટે આટલાં પાપ કર્યાં, આટલા સંતાપ સહ્યા એ શરીર આજે આ હાલતમાં પડી રહ્યું છે ! જોઇ લો જરા મનની આંખથી તમારા શરીરની આ હાલત ! આજ સુધી જે 'હું...હું' કરી રહ્યું હતું, પોતાને ડાહ્યું અને ચતુર માની રહ્યું હતું, તે બધું ધૂળમાં મળી ગયું. બધા સંબંધો કપાઇ ગયા. ધન અને પરિવાર પારકાં થઇ ગયાં જેના માટે તમે કેટલીય રાત્રિઓ જાગ્યા હતા, જેના માટે માથે બોજા ઉપાડ્યા હતા, એ બધા જ હવે પરાયા થઇ ગયા. તમારા પ્યારા શરીરની આ હાલત.......!!

કુટુંબીઓ, મિત્રોના હાથે તમને નવડાવવામાં આવે છે. શરીરને લૂછ્યું ન લૂછ્યું ને તમને કપડાં પહેરાવી દીધાં. શબને ઉપાડીને તેઓ વાંસડાની ઠાઠડી પર સુવડાવે છે. હવે જુઓ તમારા શરીરની હાલત. જેના માટે તમે મોટી મોટી કમાણીઓ કરી, મોટી મોટી વિદ્યાઓ ભણ્યા, ડીગ્રીઓ ભેગી કરી, તુચ્છ જીવન માટે ગુલામી કરી. કેટલાયને સમજાવ્યા, સંભાળ્યા એ શરીર પ્રાણ પંખેરું ઊડી જવાથી પડ્યું છે ઠાઠડી ઉપર.

જીવતાં જ મરવાનો આ પ્રયોગ કરી લો. ઠાઠડી ઉપર

પડેલા શબ ઉપર લાલ કપડું બાંધવામાં આવી રહ્યું છે. લટકી પડેલી ડોકને અને પગને કાથીથી બરાબર બાંધવામાં આવે છે જેથી મડદું રસ્તામાં કયાંક પડી ન જાય. ઠાઠડીને કસીને બાંધવામાં આવે છે. આજ સુધી તમારું નામ શેઠ અને સાહેબોના લિસ્ટમાં હતું, હવે તે મડદાંના લિસ્ટમાં આવી ગયું. મૃત્યુના એક જ ઝાટકાથી આવી ગયો તમારા આખા જીવનની ઉપલબ્ધિઓનો અંત. તમારા ઇન્કમટેક્ષનાં કાગળિયાંઓને, તમારાં 'પ્રમોશન' અને 'રિટાયરમેન્ટ' ની બાબતોને, તમારી ઉપલબ્ધિ અને અનુપલબ્ધિઓને સદાય માટે વિદાય થવું પડયું.

હાય રે હાય મનુષ્ય તારા શ્વાસ! વાહ રે વાહ તારી કલ્પના! હાય રે હાય તારી નશ્વરતા! વાહ રે વાહ મનુષ્ય તારી વાસનાઓ! આજ સુધી ઇચ્છાઓ સેવી રહ્યો હતો કે આટલું મેળવ્યું છે અને હજી આટલું મેળવીશ, આટલું જાણ્યું છે. ને હજી આટલું જાણીશ, આટલાને પોતાના કર્યા છે ને હજી આટલાને પોતાના કરીશ, આટલાને સુધાર્યા છે તે હજી બીજાને સુધારીશ. અરે! તું પોતાને મોતથી તો બચાવ! પોતાને તો સુધાર! જન્મ–મરણના ચક્કરમાંથી તો છોડાવ!

સ્મશાનયાત્રાની તૈયારી થઇ રહી છે. લોકો રડી રહ્યા છે. ચાર માણસો તમને ઉપાડીને ઘરથી બહાર લઈ જઈ રહ્યા છે. પાછળ પાછળ બીજા બધાં લોકો ચાલી રહ્યા છે. કોઇ હૃદયપૂર્વક સ્મશાનયાત્રામાં આવ્યા છે અને કોઇ માત્ર દેખાવ કરવા આવ્યા છે. પ્રમાણિકતાથી સ્મશાનયાત્રાઓમાં જવાનું રાખજો. પોતાના મનને સમજાવતા રહેજો કે તારી પણ આવી જ હાલત થવાની છે. તું પણ આ જ પ્રમાણે ઉપડવાનો છે, આ જ પ્રમાણે જવાનો છે. ઓ બેઇમાન મન! તું ઠાઠડી



વખતે પણ ઇમાનદારી નથી રાખતું? ઉતાવળ કરાવે છે? ઘડિયાળ જોતું રહે છે? 'ઓફિસે જવું છે, દુકાને જવું છે.' અરે! આખરે તો સ્મશાનમાં જવાનું છે, એ પણ તું જરા સમજી લે.

અરે પાગલ મનુષ્ય! ઓ માયાનાં રમકડાં! સદીઓથી માયા તને નચાવતી આવે છે. તું ઈશ્વરને માટે ન નાચ્યો, સદ્ગુરુ માટે ન નાચ્યો તો માયા તને નચાવતી રહેશે. તું પ્રભુપ્રાપ્તિ માટે ન નાચ્યો તો માયા તને કેવી કેવી યોનિઓમાં નચાવશે? કયારેક વાંદરાનું શરીર મળશે તો કયારેક રીંછનું, કયારેક ગંધર્વનુ તો કયારેક કિન્નરનું, કયારેક ગધેડાનું તો કયારેક કૂતરાનું. પછી એ શરીરોને તું 'હુ'' માનીશ, કોઈને પોતાની મા તો કોઇને બાપ માનીશ. ત્યાં પણ એક ઝાટકો આવશે મોતનો અને એ બધાંને છોડવાં પડશે. આવી મુસાફરીઓ તું કેટલા યુગોથી કરતો આવ્યો છે? તમારા પ્રાણહીન દેહને ઠાઠડીમાં બાંધીને લોકો જઈ રહ્યા છે સ્મશાન તરફ. લોકોની આંખોમાં આંસુ છે. એ આંસુ વહેવડાવનાર પણ બધા આજ પ્રમાણે જવાના છે. આ સનાતન સત્યથી કોઈ બચી શકતું નથી. તમારા લાખો રૂપિયા, તમારા લાખો પરિચયો તમને બચાવી નથી શકતા. જીવ તમારો ત્યારે જ બચશે કે જ્યારે આત્મસાક્ષાત્કાર થશે. જીવ તમારો ત્યારે જ બચશે કે જ્યારે સંત–ફકીરની કૃપા–પ્રસાદી તમને પચી જશે. જીવ તમારો ત્યારે જ બચશે કે જ્યારે ઈશ્વર સાથે તમારી એકતા સધાશે.

જે ઘર માટે તમે કેટકેટલા 'પ્લાન' બનાવ્યા હતા તે ઘરથી તમે હવે જઇ રહ્યા છો. લોકો કહી રહ્યા છે કે શબને જલ્દી લઇ જાઓ નહિ તો એના 'વાયબ્રેશન' એના જીવાણુઓ ફેલાઈ જશે. હવે એ ઘરમાં ઘડીભર રાખવાની કોઇની હિંમત

નથી. જે ઘરને બનાવવા માટે ઈશ્વરીય ઘરનો ત્યાગ કરી બેઠા હતા, જે ઘરને નભાવવા માટે તમે પોતાના પ્યારા પરમાત્માના ઘરનો તિરસ્કાર કરી બેઠા હતા એ ઘરથી તમે મડદાના રૂપમાં કાયમ માટે વિદાય થઈ રહ્યા છો.

દેહની મમતા તોડવી પડશે. આ મમતાના કારણે તમે પાશમાં જકડાઈ ગયા છો. આ મમતાના કારણે તમે જન્મ-મરણના ચક્કરમાં ફસાયા છો. આ મમતા તમારે તોડવી પડશે. ભલે આજે તોડો કે એક જન્મ પછી તોડો અથવા યુગો અને સદીઓ પછી તોડો.

તમે ખૂબ દૂધ-મલાઈ, માખણ-ઘી ખાધાં હશે તો ચરબી વધારે હશે, તેથી લોકોને પરિશ્રમ વધારે પડશે. તમે લોકોના ખભે ચઢીને ત્યાં જઈ રહ્યા છો કે જ્યાં બધાએ અવશ્ય જવાનું છે. 'રામ બોલો...ભાઈ રામ. રામ બોલો...ભાઈ રામ. રામ બોલો...ભાઈ રામ'

ઠાઠડીવાળા ઝડપથી જઈ રહ્યા છે. તેમની પાછળ પચાસ, સો, પાંચસો માણસો જઈ રહ્યા છે. તેઓ આપસમાં વાતચીત કરી રહ્યા છે: 'ભાઈ સારા હતા, સુખી હતા,' અથવા ભાઈ 'ગરીબ હતા, દુઃખી હતા. બિચારા ચાલી નીકળ્યા......' તમારા શબ ઉપર કોઈની નજર પડે છે તો ક્ષણવાર 'ઓ.... હો' કરીને પોતાના વ્યવહાર તરફ ભાગવા માંડે છે. તમારી ઠાઠડી સ્મશાન પાસે પહોંચી જાય છે.

(ક્રમશઃ)



# અંતે દક્ષિણા મળી ખરી

મા સર્વેશ્વરી

### વ્યસનમુક્તિનો એક યાદગાર પ્રસંગ

તા. ૩/૭/૮૭ સત્યપથમાં ઉપર શ્રી માલતીબેનના ઘરે પૂ. શ્રી સમા સમર્થ સંતશિરોમણિ સાથે સત્સંગ નિમિત્તે પહોંચ્યાં.

સત્સંગને અંતે વિચાર આવ્યો કે આ ગૃહસ્થ પાસેથી સંતના આગમને તેઓના શ્રી ચરણે ધરવા દક્ષિણા માંગવી.

અમે સૌ ભક્તો વચ્ચે જાહેરમાં માંગણી કરી કહ્યું, "આજે અમે દક્ષિણા માંગવાનાં છીએ."

અમારા શબ્દો સાંભળી તરત જ માલતીબેનના પતિ શ્રી સુધીરભાઈએ ઇશારો કરી સવારથી તૈયાર રાખેલું દક્ષિણાનું પૈસાનું કવર મંગાવી લીધું.

ત્યાં તો અમે કહ્યું, "અમારે એ દક્ષિણા ના ખપે. અમે તો તમારા નાના બટુક ચિંતનકુમારે ત્રણ વરસ ઉપર આપેલ ન્હાની દક્ષિણા જ લઈએ. એવી જ આજે તમે પણ અમને આપજો અને તે તમારા એકવીસ વર્ષના જૂના સાથી સીગારેટના વ્યસનની."

અચાનક માંગણી થઈ છતાં સુધીરભાઈએ જીવનમાં પ્રથમવાર ઊભા થઈને કહ્યું, "વચન આપું છું કે સીગારેટ છોડી દઈશ. આજે નહીં છૂટે. છોડીને કહીશ."

વાત ત્યાંજ અટકી. વિદાય થતાં પહેલાં સુધીરભાઈએ

બે વાર પેલું પૈસાનું કવર આપવાને અપાવવા પ્રયત્નો કર્યા પણ અમને તે ના ખપે. ધારી દક્ષિણા ના મળી એવા અસંતોષને ફક્ત વચન તો મળ્યું એવા સંતોષ સાથે અમે વિદાય લીધી.

ત્યારપછી શ્રી સુધીરભાઈ વેપારી કામ અંગે દક્ષિણ-ભારત ગયા. વરસોની તિરૂપતિના દર્શનની ઇચ્છા તે સફરમાં પૂરી થતાં, તેમણે પોતાના સુંદર કાળા કેશ અર્પણ કરી, મૂંડન કરાવ્યું. તા. ૨૪ મીએ ઘરે પાછા ફર્યા. પૂછતાં જણાયું કે સીગારેટ હજી ગઇ ન હતી.

એમનાં પત્ની શ્રી માલતીબેન છેલ્લાં પંદર વરસથી લગ્ન પહેલાં પણ, સીગારેટ છોડવાની વાતો કરતાં જ રહ્યાં. પણ એક જ જવાબ મળતો "છોડી દઇશ."

સમજાવટની કોઈ અસર જ નહીં, તમે પૂ. માને જાહેરમાં વચન આપ્યું છે છતાં હજી નથી છોડી. અરે કોઇ નાની યાત્રા કરીને આવે તો પણ નાનો પણ નિયમ લે છે તો તમે હવે તો છોડો, આવી વિનંતિભરી વાતો શ્રી માલતીબેન ફરી ફરી કરતાં રહ્યાં.

ને ત્યાંજ "હવેના શનિવારે છોડી દઇશ એવી એવી દલીલો વચ્ચે લાઈટર, પાકીટ વિ. અપાઈ ગયું ને કહી દીધું, "લે આજથી છોડી, બસ-"

અમને જાણ થઈ ત્યારે આનંદ થયો. એમનાં બન્ને નાના બાળકોને પણ આનંદ થયો ને બાળકોએ ખુશાલીમાં પિતાને તે દિવસે આઇસ્ક્રીમ ખવડાવ્યો. બાળમાનસનો કેવો અદ્‌ભુત ભાવ!

એકવીસ વરસનું જૂનું વ્યસન સહજમાં થોડું કંઈ છૂટે?



એકવીસ દિવસ તો લાગે જ ને! તા. ૩જી નું વચન તા. ૨૪ મીએ પળાયું. શ્રી તિરૂપતિનાથે જ કૃપા કરી સીગારેટ છોડાવી ને પૂ. શ્રીના શ્રી ચરણે તેને દક્ષિણારૂપે અર્પણ કરાવી.

શ્રી સુધીરભાઇનો સ્વભાવ ઓછાબોલો. પણ નિયમિત સવારે ને મોડીરાતે ગમે ત્યારે દુકાનેથી આવે ત્યારે સ્નાન કરી પૂજાપાઠ કરે. તેમનો એ નિયમ સાચે જ અભિનંદનીય છે. ભરયુવાનીમાં પણ તેઓ ત્રણ ત્રણ કલાક પૂજાપાઠમાં પસાર કરે છે. પૂજાપાઠ બુલંદ અવાજે મંત્રોચ્ચાર સાથે કરવાનો એમનો સ્વભાવ, આજુબાજુ વસતા સૌને નિયમિત પૂજા કરવાનો જાણે સંદેશો ના ધરતા હોય તેવું લાગે!

સાચે જ ધન્યવાદ સુધીરભાઇને. જે મુખમાં પ્રભુનામ તે મુખમાંથી હવે સીગારેટનું ઠૂંઠૂ પણ ગયું તે બદલ. વળી અમારૂં વચન વધાવવા ને અંતે પાળવા બદલ પણ અભિનંદન. ઉગતા બાળકોને વ્યસનમાંથી બચાવી લેવા માટે પણ ફરી ધન્યવાદ.

સીગારેટની પાછળ થતા ખર્ચની રકમના બચતકુંભમાં અમે પેલા દક્ષિણાના પડીકાની રકમ ઉમેરી દેવા આદેશ આપ્યો. એક સાચા સંતની પરોક્ષ પધરામણી પણ કેવી મંગલકારી બને, એનું દર્શન આ ઘટનામાં સહુને થાય.

દક્ષિણા માંગ્યાનો ને તે મળ્યાનો આનંદ અંતે અમને મળ્યો ખરો, પ્રભુએ-ગુરુદેવે તે અપાવ્યો.

# "અહંનો નાશ એટલે આનંદ"

પ્રવીણ એસ. વસોવા
"આનંદ"

સંધ્યાની શરૂઆત થઈ ત્યારથી ટાગોર પોતાના અભ્યાસ-રૂમમાં બેસીને કાવ્યનું સર્જન કરી રહ્યા હતા. ઘણા લાંબા સમય સુધી લખવાથી થોડો થાકનો અનુભવ થતાં–ટાગોર આરામ કરવા માટે પોતાની આરામખૂરશીમાં લાંબા થયા. પોતાના ટેબલલૅમ્પની સ્વીચ બંધ કરી–જ્યાં ખૂરશીમાં આડા પડખે થયા, ત્યાં તો રૂમમાં ચારે તરફ પુનમની ચાંદનીનો પ્રકાશ પૂર્ણપણે પથરાયેલો! ટાગોર તો એકાએક સ્તબ્ધ થઈ ગયા! આ શું? મારા રૂમમાં આટલો બધો પ્રકાશ પથરાયેલો છે! બહાર ગયા, જોયું તો આકાશમાં ચાંદની પૂર્ણપણે ખીલેલી હતી, ને તેનો પ્રકાશ સર્વત્ર પૃથ્વી પર પથરાયેલો હતો.

કવિવર્ય ટાગોરની કવિદૃષ્ટિ–ચેતનશીલ. તેમણે તરત રૂમમાં આવી પોતાના અંતઃચક્ષુ ખોલ્યાં, વિચારોમાં, ચિંતનમાં ખોવાઇ ગયા. તેમને એક નવું સત્ય જોવા મળ્યું. મનોમન બોલ્યા, "આ ટેબલલૅમ્પના નાના એવા એક બલ્બે મને કુદરતી આ પૂર્ણપણે ખીલેલી ચાંદનીના સર્વત્ર ફેલાયેલા પ્રકાશનો અનુભવ થવા ન દીધો. પ્રકાશનો આસ્વાદ માણવા ન દીધો."

શું મનુષ્યના જીવનમાં પણ આવું નથી? મનુષ્યના જીવનમાં પણ તેનો અહંરૂપી ટેબલલૅમ્પ સળગતો હોવાથી તે આત્મારૂપી ચાંદનીના પ્રકાશને જોવા કે અનુભવવા નથી દેતો.



જો માનવી પોતાના અહંનો નાશ કરે, અહંને પોતાના કાર્યના કેન્દ્રસ્થાનેથી દૂર કરે, ફેંકી દે તો તેને પોતાના આત્માનો પ્રકાશ અનુભવાય. પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપની અનુભૂતિ થઈ શકે.

અહમે તો ભલભલા મનુષ્યના જીવનને બરબાદ કરી નાખ્યું છે. જ્યાં સુધી મનુષ્ય અહંની આગમાં સેકાતો રહેશે, ત્યાં સુધી તેને કદી પણ આત્માનુભૂતિનો, સાત્વિક આનંદનો અનુભવ થવો એ અશક્ય છે!

જેમ ટાગોરના રૂમના ટેબલલૅમ્પે ટાગોરને ચાંદનીનો પૂર્ણપ્રકાશ પોતાના રૂમમાં પ્રવેશેલો હતો છતાં, ટેબલલૅમ્પ ચાલુ હોવાથી ટાગોરની દૃષ્ટિ તેની ઉપર હતી ત્યાં સુધી, તેઓ ચાંદનીના પૂર્ણપ્રકાશનો અનુભવ ન મેળવી શકયા. મનુષ્યનું દૃષ્ટિનું કેન્દ્ર અહં છે. જ્યાં સુધી તે અહંને જ કેન્દ્ર-સ્થાને રાખે છે ત્યાં સુધી તેને પછી આત્માના પૂર્ણપ્રકાશ-ચૈતન્ય સ્વરૂપને જોવાનો, અનુભવવાનો મોકો નથી મળતો.

સત્યના સ્વરૂપને પામવા, મનુષ્યે અહંથી પોતાની દૃષ્ટિ ખેંચી આત્મપ્રતિ કરવી પડશે. અહં હમેશાં સત્યનો નહિ પોતાના પ્રિયનો વિચાર કરે છે. ઉપરાંત અહંકારી વ્યક્તિમાં આત્મહીનતાનો ભાવ વધારે ફેલાયેલો હોય છે. અહં એ પૂર્વગ્રહ ને આગ્રહને આણે છે. ને જ્યારે મનુષ્યે ઈશ્વરનો અનુગ્રહ મેળવવો હશે ત્યારે તેને પૂર્વગ્રહને ત્યજવો પડશે. "પૂર્વગ્રહ એટલે જે તે વસ્તુ પ્રત્યેનો જોવા-જાણ્યા કે વિચાર્યા વિનાનો, સત્ય અસત્યની તપાસ કર્યા વગરનો, કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેની વ્યક્તિએ બાંધેલી માન્યતા."

આમ મનુષ્યે આ પૂર્વગ્રહરૂપી ગ્રંથી-ગાંઠને પણ અહંની સાથે છોડવી પડશે, રામકૃષ્ણ પરમહંસે કહ્યું છે કે–" માનવી

એ ગ્રંથને નહીં પરંતુ પોતાના મનમાં બાંધેલી ગ્રંથીઓને છોડવાની જરૂર છે. તે છૂટશે એટલે સ્વયં પરમાત્માની કૃપા તેના ઉપર ઉતરી પડશે."

અહંવાદી વ્યકિતને કયારેય પોતે ભૂલ કરે છે તેવું લાગતું જ નથી. પોતે તો સાચો જ છે આવો જ કક્કો હંમેશા તે ભણ્યા કરે છે. અહંનો આધાર શેના પર છે. તેના પર મહાન તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિના શબ્દોમાં જોઇએ તો 'અહંનો આધાર મુખ્યત્વે ભૂતકાળનાં સ્મરણો પર રહેલો છે, અને સ્મરણો એ ભૂતકાળનું સંગ્રહસ્થાન છે. આ 'હું' માનવીને નમ્રતા કે પ્રેમ તરફ નહિં, પણ જુદાપણું તિરસ્કાર અને ખંડનવૃત્તિ તરફ લઈ જાય છે. શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે કે સ્મરણ ખરાબ નથી, પરંતુ સ્મરણથી પ્રતિબદ્ધ થયેલા પ્રત્યાઘાતો ખરાબ છે. સ્મરણો બોજારૂપ અને પૂર્વગ્રહ રૂપ બને છે.

જો મનુષ્યે આધ્યાત્મિક ઉન્નતિ સાધવી હશે તો તેને પ્રથમ આ અહંને ત્યાગવો પડશે. જ્યાં સુધી માનવી અહંને કેન્દ્રસ્થાને રાખશે ત્યાં સુધી તે કદી આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ સાધી નહીં શકે.

અહંવાદી કે અભિમાની માણસો ઘણા પ્રકારના હોય છે. વિનોબાભાવે કહે છે કે 'માણસ ઘણા પ્રકારના અભિમાનથી વીંટળાયેલો છે, એને ધનનું અભિમાન હોય, રૂપનું અભિમાન હોય. ગુણ કે જ્ઞાનનું અભિમાન હોય, પરંતુ મારામાં કોઈ-પણ પ્રકારનું અભિમાન નથી એમ કહેનાર જેવો બીજો કોઇ અભિમાની હોતો નથી.'

જ્યાં સુધી માનવી 'હું' કરું છું, 'હું' નીભાવું છું, આ હું પણાનો ત્યાગ નહીં કરે, ત્યાં સુધી તે કદી સત્યનો



અનુભવ નહીં કરી શકે. 'મીનપ્યાસી'ને છેલ્લે યાદ કરીએ ને નોંધીએ તો કબૂતરોનું કુ કુ કુ ને માનવ કે 'હું' 'હું' 'હું'.

આ 'હું'નો છેદ ઉડાડી, આ હુંને કબરમાં દફનાવી દઇ, આ હું નો નાશ કરીનેજ માનવને આનંદનો અનુભવ કરવાનો છે.

ચાલો, આજથી આપણે આ 'હું'રૂપી અહંનો નાશ કરી, આપણા મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ માણીએ. આપના આનંદ સ્વરૂપમાં ભળી જઇએ.

સાત્વિક આનંદીપણું, સ્વસ્થતા અને વિશ્વાસ આ યોગ માટેના જરૂરી ગુણો છે.

શ્રી અરવિંદ

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ધ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

શ્રીયોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

## સાંઇબાબાના અનુભવ પ્રસંગો (ચાલુ)

૨

તારીખ ૨૬ ડીસેમ્બર ૧૯૫૬ને બુધવારે માગસર વદ દસમ હતી. તે દિવસે વહેલી સવારે શૌચાદિથી પરવારીને હું ખાટલા પર સૂતો હતો. તે વખતે શ્રી સાંઈબાબાએ અચાનક ‘ મહાત્માજી, મહાત્માજી ’ કહીને બુમ પાડી. શબ્દો તેમના ફોટા તરફથી બહુ જ સ્પષ્ટ રીતે સંભળાતા હતા. બીજી વાર ‘ મહાત્માજી ’ કહ્યું ત્યારે હું જાગીને બેઠો થઇ ગયો. એ અનુભવ પણ ખરેખર આનંદપ્રદ હતો.

૩

ઇ.સ. ૧૯૫૭ના જુન-જુલાઈમાં સાબરમતી રહેવાનું થયું ત્યારે રક્ષાબેનનો પરિચય થયો. તેની ઉંમર ફક્ત સોળ વરસની હોવા છતાં તેમની ઊંડી સમજ, શ્રદ્ધા ને સેવા-ભાવના કોઇ મોટા માણસને પણ શરમાવે તેવી હતી. તે દિવસોમાં તેમને તાવ શરૂ થયો. તેની તંદુરસ્તી માટે મેં સાંઈબાબાને પ્રાર્થના કરી. સાંઈબાબાએ મને સૂચના કરી કે ‘ સાત રૂપિયા દાન કરો તો રક્ષાબેનને તાવ મટી જાય. ’ મને થયું કે કયાં દાન કરવું ? સાત રૂપિયા શ્રી શીરડી સાંઈ-બાબાની સેવામાં જ મોકલવાનો નિર્ણય કર્યો ને બીજે દિવસે રક્ષાબેનને આરામ થયો. મારા નિર્ણય મુજબ મેં શિરડી પૈસા મોકલી દીધા.

સાંઈબાબાની શકિત સાચેસાચ ઘણી મહાન છે. કેટલાંય



વરસોમાં ભારતમાં આવા શકિતશાળી સમર્થ સંત બીજા થયા નથી. તેમની વિશેષતા એ છે કે પૂર્ણશક્તિથી સંપન્ન હોવાની સાથે સાથે તે બીજાને મદદ કરવા રાત દિવસ તૈયાર રહે છે. કોઈ પણ સ્રી પુરુષ આ વાતની યથાર્થતાનો અનુ-ભવ કરી શકે છે.

## ગાંધીજીનો પૂર્વજન્મ

ગાંધીજી વિશે આજ સુધી ઘણું ઘણું લખાયું છે. તેમને કોઇએ બુદ્ધ તો કોઇએ ઇસુની સાથે પણ સરખાવ્યા છે. તે એક મહાન સંત, દેશપ્રેમી, માનવપ્રેમી ને કર્મયોગી હતા તેમાં શંકા નથી. એવા મહાપુરુષનો પૂર્વજન્મ પ્રભુપરાયણ ને મહાન હોય એટલું તો સમજી શકાય તેમ છે. મને તેમના પૂર્વજન્મનું જ્ઞાન સહજરીતે પ્રભુની કૃપાથી જ થયું છે. પરિણામે જે વસ્તુની કલ્પના પણ ન હતી. તે વસ્તુ મને જાણવા મળી છે. એ અનુભવને ટૂંકમાં કહી બતાવું.

તા-૨૬ ઓગસ્ટ ૧૯૫૭ ને સોમવારે રાતે એક વાગે મને એ અનુભવની પ્રાપ્તિ થઇ. તે વખતે હું ઋષિકેશમાં હતો. રાતે ધ્યાનાવસ્થામાં બેઠેલો ત્યારે મારા ચિત્તનો લય થઇ ગયો ને તે દશામાં મને એક આકસ્મિક દર્શન થયું. એક નાની સરખી છતાં સુંદર નદી હતી. તેને કિનારે નાની સરખી મઢૂલી. તેમાં એક સુંદર આસન પર ગાંધીજી બેઠેલા. તેમને જોઇને મને અત્યંત આનંદ થયો. તેમના મુખ પર ઊંડી શાંતિ છવાયેલી. તે વખતે બહારથી કોઈ મીઠા સ્વરે ગાવા માંડયું.

નરસૈંયો આ જન્મ લઇને મોહનદાસ થયો
નરસૈંયો આ વેશ લઇને મોહનદાસ થયો.

લગભગ વીસેક મીનીટ પછી એ અનુભવનો અંત આવ્યો ને મને ભાન આવ્યું. એ અનુભવને પરિણામે મને અત્યંત આનંદ થાય એ સ્વાભાવિક હતું. ઈશ્વરે પોતે કૃપા કરીને કોઇ પણ જાતની વિશેષ ઈચ્છા કે સાધના વિના મને આવી અગત્યની કીંમતી વાત જણાવી તે ખરેખર મારું સદ્‌ભાગ્ય હતું.

ગાંધીજી નરસિંહ મહેતાના અવતાર હતા એ અનુભવ થયા પછી મને 'વૈષ્ણવજન તો તેને કહિયે' પદ વારંવાર યાદ આવ્યું. ગાંધીજીને એ પદ ખૂબ ગમતું હતું. તેમણે જ સમગ્ર વિશ્વમાં તેને ગુંજતું કર્યું. વળી 'હરિજન' શબ્દ પણ નરસિંહ મહેતાએ સૌથી પ્રથમ કહેલો. તે જ શબ્દને ગાંધીજીએ જીવનમાં ચરિતાર્થ કરવા પ્રયત્ન કર્યો. હરિજન સેવા સંઘનો જન્મ એ રીતે જ થયેલો. જન્મ માટે બંનેએ સૌરાષ્ટ્રને જ પસંદ કર્યું. એક જૂનાગઢ ને બીજાએ પોરબંદર. એક કૃષ્ણભક્ત છતાં જ્ઞાની, બીજા રામભકત ને કર્મયોગી.

મેં શરૂઆતમાં જ કહી દીધું છે કે ગાંધીજીના પૂર્વજન્મનો અનુભવ મને ઈશ્વરની કૃપાથી કોઇ ખાસ પ્રયાસ વિના આપોઆપ જ થયો છે. એ અનુભવ પછી એ જ ભાવાર્થના બીજા અનુભવો પણ થયા છે. તેથી મને પૂરેપૂરો સંતોષ છે. આ જ્ઞાન મને મારી અંતરંગ દુનિયામાંથી મળ્યું હોવાથી તે વિશે મને કોઇ જ શંકા નથી. તેમાં મારી શ્રદ્ધા દઢ ને અડગ છે. જે જણાયું છે તે જ સત્યને વફાદાર રહીને આ પ્રકરણમાં મેં અંકિત કર્યું છે. (ક્રમશઃ)

* —— *



# ડો. અમીનની સાધનામાં ઉમેરણ

પુષ્કર ચંદરવાકર

ઇ. સ. ૧૯૭૪ માં 'ગુજરાત ઈતિહાસ' પરિષદનું જ્ઞાનસત્ર વડોદરા નજીકના કાયાવરોહણ–કારવણમાં લકુલીશ ભગવાનની પ્રાગટ્ય ભૂમિમાં ભરાયું. ડો. અમીનનો મહાનિબંધ શિવધર્મ પરનો, તેમાં ભગવાન લકુલીશ પર તેમણે ઘણી સામગ્રી એકત્રિત કરી લકુલીશ સંપ્રદાય પર લખ્યું છે. આથી ઇતિહાસ પરિષદના જ્ઞાનસત્રના આયોજકોએ ડો. અમીનને કારવણ પરિષદમાં ભગવાન લકુલીશ વિષે વકતવ્ય રજૂ કરવા સૂચવ્યું, વળી ભગવાન લકુલીશે પ્રબોધેલ 'પાશુપત–સંપ્રદાય' પર ભાર મૂકી તેમણે ઉદ્‌બોધન કરવું તેવું નક્કી થયું.

આ જ્ઞાનસત્રના ઉદ્‌ઘાટક યોગાચાર્ય પૂ. શ્રી કૃપાલ્વાનંદજી મહારાજ હતા. ડો. અમીનને અનાયાસે તેમનું અત્રે મિલન થયું. પૂ. શ્રી કૃપાલ્વાનંદજી પચ્ચીશ પચ્ચીશ વર્ષથી એકાંત સેવન કરી રહ્યા હતા. અને મહદ્‌અંશે દિનભર મૌન પાળતા, રાત્રે પણ તેઓ મૌન પાળતા. ડો. અમીન પૂ. શ્રી કૃપાલ્વાનંદ સ્વામીના આશ્રમ 'કૃપાલુ આશ્રમ'માં ગયા ત્યારે તેમને પૂ. સ્વામીએ સ્વહસ્તે 'આસન અને મુદ્રા' નામક ગ્રંથ પ્રસાદી રૂપે આપ્યો. અને ડો. અમીનને ઉનાળાની છૂટીઓમાં યોગદીક્ષા અને યોગસાધના માટે કાયાવરોહણમાં 'કૃપાલુ આશ્રમ'માં આવવાનું ઇજન દીધું. ડો. અમીન તે પછીના ઉનાળામાં (ઇ.સ. ૧૯૭૪) દોઢ મહિના માટે ત્યાં રહ્યા અને રોકાયા. ત્યાં ડો. અમીનને પૂ. સ્વામીજીના સાન્નિધ્ય અને યોગસાધના પદ્ધતિનું પૂર્ણ માર્ગદર્શન–યોગનું વ્યવહારું જ્ઞાન મળ્યું. તે અનુભવને ડો. અમીને આમ શબ્દ-

સ્થ કર્યો છે. 'ઈ. સ. ૧૯૭૪ માં સવારે ૭–૪૫ વાગે શ્રી કૃપાલ્વાનંદજીએ આ શરીરને શિષ્યભાવે તેમની સન્મુખ બેસાડ્યું. ધ્યાન અંગેની વિવિધ સૂચનાઓ આપી. જે આસન અનુરૂપ આવતું હોય એમાં બેસવું તેવું કહ્યું. આસનસ્થદશામાં દેહને-શરીરને ઢીલો રાખવો. માત્ર કમ્મર ઉપરનો ભાગ સીધો अं.–ईरेक्ट, રહે. શરીરમાંના તમામ સાંધાઓ–अं. जोईन्ट्स, એકદમ ઢીલા अं. लूज़ રહેવા જોઈએ. જો સાંધાઓ ઢીલા રાખવામાં ન આવે તો પ્રાણશકિત ક્રિયા કરી ન શકે. પ્રાણશકિત ક્રિયા નહીં કરી શકે તો હું (કુપાલુ દેવ) માનીશ કે તમે શરીરના સાંધાઓ ઢીલા રાખતા નથી. આ રીતે બેસી. એક મિનિટ ગુરુનું ધ્યાન કરો. પછી દીર્ઘ શ્વાસ अं. डीप ब्रीधिंग કરો. એની સાથે ઈષ્ટદેવનો કોઇપણ મંત્ર જોડો, જે ઇષ્ટદેવ પર આસ્થા ને શ્રદ્ધા હોય તેવા ઇષ્ટદેવનો મંત્ર હોવો જોઇએ. પછી પ્રાણને જે કરવું હોય તે કરવા દો. મનની શરીર પરની પકડ–સત્તા ઢીલી કરી નાંખો. મનની પ્રાણ પર કોઈપણ પ્રકારની ત્યારે સત્તા કે પકડ રહેજ નહીં. પ્રાણને મુકતપણે વિહરવા દો. તેને જે યોગ્ય લાગે તે જ કરવા દો, તેને સાવ છૂટો મૂકી દો!"

ડો. અમીન લખે છે પૂ. સ્વામીજીની આજ્ઞા પ્રમાણેની સ્થિતિમાં દેહ અને મનને મૂકી દીધાં અને આંખો બંધ કરી દૃષ્ટિ સમક્ષ ગુરુનું માનસિક ધ્યાન ધર્યું". દીર્ઘ પ્રાણાયામ अं. डीप ब्रेधिंग શરું કર્યા. થોડીજ વારમાં દૃષ્ટિ સમક્ષ તેમને પ્રકાશના વલયો દેખાવા લાગ્યા. તેઓ લખે છે કે પ્રાણાયામની સાથે અંદરથી મોટેથી ગાયત્રીમંત્ર પણ શરૂ થઈ ગયો. એકદમ ઊંડા શ્વાસોશ્વાસ થયા ને એમાંથી બંધ મુખે જોરથી સિસોટી પાવો अं व्हिसल વાગતી હોય તે રીતે ૐ પ્રણવનો નાદ શરૂ થયો. એનો ધક્કો–બળ अं फोर्स જબરજસ્ત હતો. અને



તે મસ્તક પર એકદમ અથડાવા લાગ્યો. એની સાથે માથાનો ભાગ એકદમ અનુકંપિત થવા લાગ્યો. એકદમ જોરથી ગરદન અને મસ્તક વીજળીની ગતિએ કંપવા લાગ્યા. થોડીવાર આમ થયા પછી મુખ ખુલ્લુ થયું અને પ્રણવનાદ જોરથી થવા લાગ્યો. સાથોસાથ ઝટપી ત્વરિત ગતિએ અંદરના ભાગમાં એ પ્રાણ જોરથી ધક્કા મારવા લાગ્યો અને એના કારણે શરીરની માંહે એકદમ ઝડપી કંપ થવા લાગ્યો. મુખ ખુલ્લુ થઇને પ્રણવનાદ જોરથી થતો હતો. ત્યારે જાણ્યું કે સિંહ ગર્જના થતી હોય તેવી ગર્જનાઓ સાથે ઘોર ઘોષ–અવાજ થતો લાગ્યો, ખરેખર તે થતો હતો! સાથે સાથે હસ્તમુદ્રાઓ પણ થવા લાગી. બે હાથ ભેગા થઈ હથેળીઓ અને આંગળીઓની જોરદાર ભીંસ થઈ. બંને હાથ ઊંચા થઈ તેની વચ્ચે માથું તથા ગળું દબાવવા લાગ્યું. અને અવાજ તો ચાલુ જ રહેલો. પ્રાણ પોતાની ક્રિયા કરતો હોય છે. આંખો તો બંધ હતી. ભ્રુકુટિ મધ્યે પ્રકાશનાં દર્શન થતાં હતાં, તેમજ તેની અંતર્ગત બિન્દુનું દર્શન થવા લાગ્યું જે સતત ચાલું રહ્યું ને મારો દૃષ્ટાભાવ ચાલુ રહેતો હતો. તમામ ક્રિયાઓથી જ્ઞાત, પણ ક્રિયાઓને પ્રાણનો આવેગ મળતો તેથી થતી ક્રિયાઓ સ્વતઃ પ્રેરિત રહેતી ને સહેજ પણ 'કષ્ટ સાધ્ય નહી' થવાથી ફલ સ્વરૂપે આનંદ, તાજગી અને સ્ફૂર્તિ અનુભવતો, અનુભવાણી. આ ક્રિયા અત્યંત વેગવાળી ને જોરદાર ને સતત ને અખંડપણે ચાલુ હતી. ત્યાં જ ઘંટડી વાગી ત્યારે પૂર્વ સૂચના પ્રમાણે ધીરે ધીરે ક્રિયાઓને શાંત કરી, આંખ ઉઘાડી કૃપાલુદેવને દંડવત પ્રણામ કર્યા, ત્યારે મને આ પછીની યોગક્રિયા ને સન્યસ્ત દિક્ષા અંગેનાં સૂચનો લખી આપ્યાં.

પહેલા અઠવાડિયે દરરોજ એક એક કલાક બેસવાનું તેમાં સૂચવ્યું હતું. આ દિક્ષા સન્યસ્તની જ ગણાય. તેમણે પણ

કહ્યું કે લકુલીશ ભગવાન અને એમની પરંપરાની આ દિવ્ય દિક્ષા છે. આથી સાંજના ત્રણ વાગ્યાના સુમારે મનની ધ્યાન જેવી સ્થિતિ થવા લાગી. સાડા ત્રણ વાગ્યે ધ્યાનનો વેગ સ્ફુરવા લાગ્યો. અને બ્રહ્મેશ્વર પ્રાસાદમાં જ ભગવાન લકુલીશના મંદિરના ગર્ભગૃહના એક ખૂણામાં આસન માટે બેઠો ને પ્રણવનો નાદ શરૂ થયો.

(૧) બંધ મુખે જે અવાજ થાય છે તેને પ્રણવનાદ કહે છે પણ ખુલ્લા મુખે જે પ્રણવનાદ થાય તે સામાન્ય મનાય છે અને બંધ મુખે થાય તે શ્રેષ્ઠ મનાય છે.

(૨) દરરોજ એક કલાક સવાર-સાંજ ધ્યાનમાં બેસવાનું અને એક કલાક પછી ધીરે ધીરે આગળ વધવાનું.

(૩) અત્યારે પ્રાણોત્થાન થઈ ગયું છે કુંડલિનીની જાગૃતિ વખતે રૂબરૂ થવું પણ જોઈએ.

ડો. અમીન તેમની આ યોગસાધના માટે રસિક અને આશ્ચર્યજનક પ્રસંગને ટાંકતા આગળ લખે છે કે, ‘ બપોરે ત્રણ વાગે કૃપાલુદેવના દર્શન કરી બ્રહ્મેશ્વરના દર્શન કરવા આવ્યા ત્યારે થોડા મંત્રો શરૂ કર્યાં પણ એકદમ ધ્યાન કરવાનો ભાવ સ્ફૂરી આવ્યો, ધ્યાનસ્થ દશા થવા લાગી. આથી મંદિરનાં અંદરના ભાગમાં જઈ બેઠો ત્યાં પ્રણવનાદ શરૂ થયો. હાથની વિવિધ મુદ્રાઓ થવા લાગી. જોરથી સિસોટીપાવો વાગતો હોય તેવો ધ્વનિ થયો. ધ્યાનમાંથી ઊઠ્યો ત્યારે પૂજારીએ કહ્યું કે મંદિરના શિખર પર કામ કરનાર કહેતા હતા કે આ સિસોટીપાવો ક્યાંથી વાગે છે ? ’ ઈ. સ. ૧૯૭૪ ઉનાળાની સાધના પછી ડો. અમીન કેટલીય વાર કારવણ જઈ આવ્યા પણ પૂ. કૃપાલ્વાનંદજી સ્વામી આ આશ્રમ છોડીને અમેરિકા ગયા પછી તેઓ બ્રહ્મલીન થયા.



ત્યારબાદ ડો. અમીન કારવણ ગયા નથી. પણ ત્યારબાદ ડો. અમીન દરેક લાંબી છુટ્ટીઓમાં અં. વેકેશન ‘ સદાશીવ ’ સ્વામી પાસે જતા. તેઓ લખે છે કે, ‘ તેમની આંખોમાં અપાર્થિવ તેજ હતું. હૃદય માતૃપ્રેમથી ઉભરાતું. વિશ્વકલ્યાણ-ની પ્રબળ ભાવના હતી. તેઓ વિશ્વકલ્યાણાર્થે વિરાટ પુરુષની ઈચ્છાશકિત, ક્રિયાશક્તિ અને જ્ઞાનશકિતનું અવ-તરણ કરવા માગતા હતા. તેના માટે સાધક સમ્મુચ્ચ તૈયાર કરવાનો તેમનો અભિગ્રહ હતો. ’

ડો. અમીન વિશેષમાં લખે છે કે : એમનો મારા પર અહેતુ પ્રેમ હતો. એમણે મને આશ્રમમાં કાયમ રહેવા માટે સૂચવ્યું. એ અનુસાર હું કાયમ રહેવાના હેતુથી સદાશીવ આશ્રમમાં ગયો પણ સંજોગો એવા પલટાયા કે મારે બે મહિનામાં જ ખંભાતમાં પાછું ઘેર આવવું પડ્યું. ગ્રહ-ત્યાગ માનવના-વ્યકિતના હાથની વાત નથી. કુદરતના-આ ઈશ્વરના હાથની વાત છે. તે પણ તેના પર અવલંબે છે. આવું આ આશ્રમના અનુસંધાનમાં બે વાર બનેલું. એવું જ સંત પ્રણવરામનાં ‘નિત્યાનંદ સેવા આશ્રમ’ ઓઢવના અનુસંધાનમાં બનેલું. ત્યાં બધું જ નક્કી કરેલું પણ એ અરસામાં મારા પિતાજી પ્રણવરામ બાપજી પાસે આવેલા ને એમણે બાપજી પાસે શાંતિની માંગણી કરી અને માથે દેવું-ઋણ થઈ ગયું છે તેવું કહ્યું. પૂ. બાપજીએ મારા પિતાજીને તેમની ચિત્તશાંતિ માટે આશ્રમમાં રાખ્યા અને ત્યાં સ્થિર થવાના વિચારની માંડવણ કરીને હું બાપજીના આદેશાનુસાર ખંભાતમાં આવ્યો. આવું કેટલીયવાર બન્યું.

પણ ખંભાતની ભૂમિ સાથેની લેણદેણ કંઈ જુદી જ હોય. શાશ્વત હોય તેવું ભાસે છે. સદાશીવ સ્વામીની

અંતિમ સ્થિતિ એકદમ ઊંચી હતી. તેમની ભૂમિકા આરોહણ-ની હતી. તેઓ દિવ્ય સ્થિતિમાં સદાય રહેતા. તેઓ બ્રહ્મલીન થયા તે પહેલા બે–ત્રણ દિવસ તેઓશ્રીની સાથે હતો.'

આમ જ બન્યું, પૂ. સ્વામી સંત પ્રણવદાસ બ્રહ્મલીન થયા તે વખતે ડો. અમીન તેમની પાસે લગભગ એક મહિનો હતા. પણ છેલ્લા બે દિવસોમાં ડો. અમીન ખંભાત આવેલા પણ તેમના બ્રહ્મલીન થયાના વર્તમાન મળતાં ડો. અમીન કલોલના આશ્રમે પહોંચી ગયેલા, પણ સ્વરૂપાશ્રમજી બ્રહ્મલીન થયા તે ક્ષણે ડો. અમીન તેમની પાસે હતા. ને તેમણે તે દિવસે નિત્યક્રમ પ્રમાણે ડો. અમીનને સ્વાધ્યાય કરાવેલો.

સદાશીવ આશ્રમમાં ડો. અમીન પૂ. સ્વામી સદાશીવજી-ની આજ્ઞાનુસાર માધવતીર્થ સ્વામીના શિષ્ય કૃષ્ણાનંદજીના સમાગમમાં આવ્યા. અને સમીપના આશ્રમના સંત સ્વામી આશારામજી સાથે ડો. અમીનનો ઘણો ગાઢો સંબંધ બંધાયો, જે દિવસો જતાં ખૂબ ઘનિષ્ઠ બન્યો.

પણ વચ્ચે વચ્ચે આ સાધક સાધનાર્થે નવતર સ્થળોમાં ઘુમી આવતા. આમાં ઈ. સ. ૧૯૭૧–૭૨માં મધ્ય સૌરાષ્ટ્રના અડાબીડ અરણ્ય સાસણગીર મધ્યે આવેલ ચિત્રોડમાં વસતા સ્વામી શ્રી ઓમકારાનંદજીના દર્શને ગયા ત્યારે ત્યાં ત્રણેક દિવસ માટે રોકાયા ને તેઓ બ્રહ્મલીન થયા ત્યાં સુધી બેઉ વચ્ચે પ્રેમયોગ સંબંધ ટક્યો. ડો. અમીને તેમની સાથેની ઘટેલ ઘટનાને–પ્રસંગોને તેમની નોંધપોથીમાં સાચવી રાખ્યા છે. ચિત્રોડવાસી ઓમકારાનંદજી આબુવાળા 'ઓમકાર' સ્વામીના શિષ્ય, આથી ડો. અમીન તેમની પાસે ગયેલા. ઓમકારાનંદ સ્વામીએ ગુરુ સમીપ રહીને કઠોર સાધના



કરેલી, તે હકીકતથી પ્રેરાઈ ડો. અમીન તેમના ભોંયરામાં ત્રણ દિવસ માટે રોકાયેલા ને તે ભોંયરામાં તેમણે સાધના કરેલી.

આબુમાં બીજા સિદ્ધ પુરુષ 'મૌની મહારાજ' થઈ ગયા. એમના શિષ્ય શ્રી દાસાનુદાસ મહારાજ તેમના પૂર્વાશ્રમનું બીજ ખંભાત હોવાથી ડો. અમીનને તેમનો ખૂબ સારો પરિચય થયેલો, સાથોસાથ સત્સંગ પણ હાલમાં તો તેઓ 'શરણાગતિ ભાવમાં જ' જીવન વ્યતીત કરે છે, ત્યારે ક્વચિત ક્વચિત ખંભાત પધારે છે ને ત્યારે ડો. અમીન તેમના સત્સંગમાં રચ્યાપચ્યા ને રાતા માતા રહે છે.

ઈ. સ. ૧૯૭૬ માં સ્વામી સચ્ચિદાનંદ ખંભાતની વાઙ્મય અને વાણિજ્ય કોલેજના વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે નોતરાથી ગયેલા ત્યારે ડો. અમીન તે સંસ્થાના આચાર્ય-પદે હતા. ત્યારબાદ તેમણે સ્વામીજીએ ખંભાતમાં ચાતુર્માસ કરેલા. આમ ખંભાતને તેમનો પરિચય થયો. ત્યારપછી તો સચ્ચિદાનંદજી ખંભાતે અનેકવાર ગયેલા, વળી સ્વામીજી દંતાલીમાં તા. પેટલાદ, જિ. ખેડા. સ્થિર થયા. તે પહેલાં તેઓ ઉત્તર ગુજરાતનાં ગામોમાંથી વાલમ, બાલીસણા, મણુંદ સંડેર વગેરે સ્થળોએ ફરતા રહેતા. બાલીસણા ગામે તો તેઓશ્રીની પ્રેરણાથી આશ્રમ પણ શરૂ થયેલો. તેઓની જન્મ-ભૂમિ ઉત્તર ગુજરાતના પાટણ પાસેના સમી મુંજપર (?) હોવાનું કહેવાય છે. તેથી શરૂઆતમાં તેમનો ત્યાં વધુ પ્રચાર થયેલો. ડો. અમીન તેમના સંપર્કમાં આવેલા, પણ યોગ અને સાધના માટે તેમની પાસે રહી તેમણે યોગ કે સાધના કરેલ નથી. (ક્રમશઃ)

## તેડાં રે આવ્યાં

તેડાં રે આવ્યાં હો ધીંગા ધામનાં,
જીવડા થઇ જાવ તૈયાર;
સાથે શેં આવે ત્યાં તો કોઇએ,
સગાંવ્હાલાં કે કો યાર ?-તેડાં રે૦
ખાધું, પીધું ને ભોગવ્યું ખૂબ હ્યાં
હવે જાવું જ્યાં દિવ્ય નાઘેર* !
ખૂંદ્યાં ખેતર ને સીમ ડુંગરા,
ખૂંદ્યાં નદી કોતર સરવર-તેડાં રે૦
શહેર નગર, કસ્બે ગામડે,
ફર્યા કૈં કૈં, કર્યા એ આવાસ;
દેહનાં બંધન હવે છોડવાં,
કપરા એ જેલના નિવાસ !-તેડાં રે૦
બાંધ્યું, વસાવ્યું ઘણું અહીં બધું;
એકઠું કર્યું રહેશે આંહ્ય;
પાપ ને પુણ્ય સાથે આવશે,
ખવરાવ્યું હશે કોઇને કાંય !-તેડાં રે૦
લીધું, લૂંટ્યું, ઝડપ્યું જે કંઇ,
ખરચ્યું પોતા માટે પોતે થઇ;
રામનામ વિના એળે સર્વ કંઇ,
આવશે સાથ ન એકે પઇ ! -તેડાં રે૦
પરાર્થે સુપાત્રે દીધાં દાન કૈં,
દિલાસો દીધો કૈં કોને કાન,
ખભો દૈ ઝાલી અંધઆંગળી
દોરશે આખર, થા સાવધાન ! તેડાં રે૦

અશ્વિનભાઇ ડી. પટેલ

* લીલોછમ પ્રદેશ



( અનુસંધાન પૃષ્ઠ ૬ નું ચાલુ )

ૐ કૃષ્ણ તો કૃષ્ણ એટલે આકર્ષણ કરનારા. પ્રભુનું સ્મરણ સતત કરીને પ્રભુની શરણાગતિ લેવી. જેમ નોકરી મેળવવા ગરજ હોય તો વારંવાર તે વ્યક્તિને મળવું પડે તેમ આત્મવિકાસ સાધવો હોય તો વારંવાર પ્રભુને યાદ કરવા પડે.

આટલી પ્રશ્નોત્તરી બાદ એક અગિયાર વર્ષના નાના બાળકે ( શ્રી નરેન્દ્રભાઇ ઠાકરના પુત્ર કેતને ) પ્રશ્ન પૂછયોઃ-

પ્રશ્નઃ-નાના બાળકોથી શીર્ષાશન દંડબેઠક થઇ શકે ? આ પ્રશ્નના અનુસંધાનમાં પૂ. શ્રીએ ઘણા પ્રશ્નો કેતનને પૂછયા ને દંડ ને બેઠક કંઇ રીતે કરે છે તે બતાવવાનું કહ્યું. તેમાં ભૂલ હતી તે સુધારી ને ૧૫ બેઠક ને ૫ દંડ કરવાનું કહ્યું.

એક બીજા પ્રશ્નમાં હાર્ટની બિમારીવાળા સાધકથી પ્રાણાયામ થઇ શકે કે નહીં ? એના જવાબમાં પૂ. શ્રીએ પોતે કેટલી કસરત કરે છે, હાર્ટએટેક પછી દવાને ક્યારે મૂકી, તેની વાતો કરી. સમય પૂરો થતાં ધૂન બોલાવી સૌ વિદાય થયા.

સાંજે સ્નાન બાદ દૂધ, બટાકાનું શાક અને ગુલાબજાંબુ થોડા પ્રમાણમાં પૂ. શ્રીએ લીધું. ત્યારબાદ માળા હાથમાં લઇ ફરતાં ફરતાં જપ કરવા લાગ્યા. અને માતાજીની તન-મનની બિમારીને લીધે આપણે ડોકટર બનીને એમની સાથે શ્રેષ્ઠ વર્તન કરવાનું એમ કહેવા લાગ્યા. પછી માળા કરતાં કરતાં શરીરમાં છાતીના ભાગ ઉપર દુઃખાવો થાય છે એવું અનુભવતાં, પલંગમાં સુતાસુતા માનસિક જપ કરવા લાગ્યા.

—હરિ ૐ ( ક્રમશઃ )

*——*

# રામકથા

ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

એ વખતે ચારે બાજુ છવાયેલા ઘોર અંધકારમાં મને પાણીમાં ઘડો ભરવાનો અવાજ સંભળાયો મને એ અવાજ હાથીના અવાજ જેવો લાગવાથી મે એની દિશામાં બાણ છોડયું.

'બાણ વાગતા જ કોઈનો ચિત્કાર સંભળાયો અને કોઇએ વેદના સભર સ્વરમાં કહેવા માંડયું કે મારા જેવા તપસ્વીને બાણ કોણે માર્યું ? હું વનમાં રહેનારો જંગલી ફળમૂળથી જીવન ચલાવનારો જટાધારી તપસ્વી છું. મને મારવાથી કોઈને કશોજ લાભ નથી થવાનો. મેં કોઇનો અપરાધ નથી કર્યો. મને પોતાને મારા મૃત્યુનો એટલો બધો શોક નથી થતો, પરંતુ મારા વૃદ્ધ માતાપિતાના કષ્ટના વિચારથી મને દુઃખ થાય છે. એ વૃદ્ધ માતાપિતાનું ધ્યાન રાખનારું મારા સિવાય બીજું કોઇજ નથી. એમનું જીવન હવે કેવી રીતે ચાલશે ? આ નિર્દય શિકારીએ એક જ બાણથી મને તથા મારા માતાપિતાને મારી નાખ્યા.'

'એ વેદનાયુક્ત વચનો સાંભળતાંવેંતજ અને ધ્રાસકો પડ્યો ને મારા હાથમાંથી ધનુષ્યબાણ પડી ગયાં. મને થયું કે મારાથી આ કેવું ભયંકર પાપકર્મ થઈ ગયું ! એ શબ્દોની દિશામાં આગળ વધીને મેં નદીના તટપર જઇને જોયું તો મારા દુઃખનો પાર ના રહ્યો. લોહીથી લથપથ થયેલા શરીરવાળો એક તપસ્વી ત્યાં પડ્યો હતો. !'

'એણે મને જોઈને કહ્યું : 'હું તો નિર્દોષ વનવાસી છું મારા માતાપિતાને માટે પાણી લેવાની ઇચ્છાથી પ્રેરાઇને હું અહી આવેલો. મારા માતાપિતા અંધ અને અશક્ત છે. તે તરસ્યાં છે.



અને આ ઘટનાથી એકદમ અજાણ છે. એ મારા પાછા ફરવાની રાહ જોતાં હશે. તમે આ પગદંડી પરથી આગળ વધીને એમની પાસે પહોંચો ને એમને આ ઘટનાની માહિતી આપો. હવે હું નહિ બચી શકું. અને થતી ભયંકર વેદનામાંથી મને મુકત કરવા આ બાણને મારા શરીરમાંથી ખેંચી કાઢો.'

'મારી ઘણીયે અનિચ્છા છતાં મેં એ ઋષિકુમારના શરીરમાંથી બાણ ખેંચી કાઢયું. મરતા પહેલાં એણે જણાવ્યું કે એ વૈશ્ય પુત્ર છે.'

'પછી એ ઋષિકુમારના ઘડામાં પાણી ભરીને હું પેલા આશ્રમ પર ગયો, મુનિએ મારો પદરવ સાંભળીને મારી પાસે પાણી માંગ્યું ત્યારે તો મારું હૃદય રડી ઉઠયું. મેં તેમને બનેલો એ આખોય પ્રસંગ કહી બતાવ્યો ને જણાવ્યું કે હું ઋષિકુમાર નથી, પરંતુ રાજકુમાર દશરથ છું, ત્યારે તો એ ભયંકર કલ્પાંત કરવા લાગ્યાં.'

તું શું એમ માને છે કે તારી દુર્બુદ્ધિને લીધે તેં જે રાજ્યાભિષેકનું વરદાન માગ્યું છે એથી પ્રેરાઈને હું મારો રાજ્યાભિષેક થવા દઇશ ? બિલકુલ નહિ. રાજ્યાભિષેક મારો કે કોઈ બીજાનો નહિ પરંતુ રામનો જ થવો જોઇએ. એજ એના સાચા અધિકારી છે. એમનો અધિકાર મારાથી સ્વપ્ને પણ ના લેવાય રામને વનવાસ અપાવીને તે મોટું પાપ કર્યું છે. તું રામ, લક્ષ્મણ અને સીતાના વનવાસનું કારણ તો બની જ છે. પરંતુ સાથે સાથે પિતાજીના અકાળ મૃત્યુનું કારણ પણ થઈ પડી છે.

'તારા મંગલના વિચારથી મેં જે કર્યું છે તેને તું નથી સમજી શકતો, ભરત !'

'હું તો તેને સારી પેઠે સમજી શકું છું, પણ તારી જ બુદ્ધિ બહેર મારી ગઈ છે, એટલે મંગલને અમંગલ અને અમંગલને મંગલ સમજે છે. તારી વિવેકશક્તિનો નાશ થયો છે. એટલા માટે જ તું આવું ઘોર પાપકર્મ કરી બેઠી છે. અને એની અમંગલતા સમજીને એને માટે હજુ પણ પશ્ચાતાપ નથી કરતી.

રામને તારા પર અપાર પ્રેમ છે. અને તને પણ રામને માટે પ્રેમ હતો. છતાં પણ તું આટલી બધી નિર્દય કેમ બની શકી એજ મને નથી સમજાતું. રામને દુઃખી કરીને તું મને સુખી કરવાનું સ્વપ્નું સેવવા બેઠી પણ તને ખબર નથી કે રામને સુખી કરવા માટે મારા ગમે તેવા સામાન્ય કે અસામાન્ય સુખને તિલાંજલિ આપવી પડે તોપણ હું તૈયાર છું. તું મારી માતા બનીને પણ એ સમજવામાં નિષ્ફળ ગઇ છે. એ જોઇને મને ભયંકર અફસોસ અને દુઃખ થાય છે.'

ભરતે થોડીક શાંતિ રાખી ને પછી કહેવા માંડયું ! 'હું એટલો અભાગી કે પિતાજીએ છેલ્લો શ્વાસ લીધો તે પહેલાં એમને મળી પણ ના શકયો. એમના અંતકાળ સમયના બે શબ્દો સાંભળવાનું સૌભાગ્ય પણ મને ના મળી શકયું. એમનો હેતાળ હાથ મારા શરીર પર ના ફરી શકયો. એ વખતે હું હાજર હોત તો તારી માગણીને જરા પણ મંજુર ના રાખત તથા એમની પાસે પણ એમને માન્ય ના રખાવત. પરંતુ એ વખત તો હવે વીતી ગયો. છતાં પણ તારી દ્વારા કરાયેલી અન્યાયી, અધર્મમુલક, અનર્થકારક માગણીને માન્ય રાખીને તે પ્રમાણે વર્તવા માટે હું નથી બંધાયો. મને તે માટે પિતાજીએ કોઇ આદેશ પણ નથી આપ્યો. એટલે મારા રાજ્યાભિષકની માગણીને મારાથી મંજૂર નહી રાખી શકાય.'

ભરતના શબ્દો સાથે શત્રુઘ્ન પણ સંમત થયો. એને લીધે ભરતને બળ મળ્યું. બન્ને ભાઇઓ દુઃખી બનીને કૌશલ્યા તથા સુમિત્રા પાસે ગયા અને એમને અનેક પ્રકારે સાંત્વન આપવા માંડયા.

ભરતે કૌશલ્યાને કહ્યું : 'મારે લીધે જ રામને વનમાં જવું પડયું પણ તેમાં મારો દોષ જરા પણ નથી.'

કૌશલ્યાએ કરૂણ સ્વરે કહ્યું : 'દોષ બીજા કોઇનો નથી પરંતુ મારા ભાગ્યનો છે. મારે આવું દુઃખ ભોગવવાનું હશે એટલે આવી દુઃખદ ઘટના બની ગઇ.'



ભરતે સુમિત્રા તરફ જોઈને કહ્યું : 'લક્ષ્મણ તો ખુબ જ ભાગ્યશાળી કહેવાય કે એને રામ અને સીતાની સેવા કરવા માટે વનમાં જવા મળ્યું. મારું ભાગ્ય એટલું મંદ કહેવાય. સાચું કહું તો ભાગ્યે મને ઠગવાનું પસંદ કર્યું, મને અયોધ્યામાંથી બહાર લઈ જઈને એણે અહિયાં પોતાનું કામ પૂરું કર્યું. હું અયોધ્યામાં હોત તો આવું ના થવા દેત.'

ભરતનો સાચો પ્રખર પ્રેમ જોઇને કૌશલ્યા ને સુમિત્રા ખૂબ જ પ્રભાવિત બની ને દ્રવી ગઇ.

ભરતને અનેક રીતે આશ્વાસન આપવા લાગી. એટલામાં મહર્ષિ વષિષ્ઠ આવી પહોચ્યા.

ભરત અને શત્રુઘ્ને વસિષ્ઠના ચરણોમાં પ્રણામ કર્યા એટલે વષિષ્ઠે એમને આશિષ આપીને કહ્યું :

'જે થઇ ગયું છે એને માટે હવે શોક કરવો અસ્થાને છે. રાજા દશરથના શરીરને હજુ સાચવી રાખ્યું છે. એને અગ્નિદાહ દેવાનું કામ બાકી છે. એ કામ હવે પતાવી દઈએ. પછી આગળના બીજા કાર્યનો વિચાર કરીએ.'

પિતાજીનું મૃત શરીર હજુ સુરક્ષિત છે એ જાણીને ભરત અને શત્રુઘ્નને થોડોક સંતોષ થયો.

મહર્ષિ વસિષ્ઠ સાથે પોતાના પિતાના મૃત શરીર પાસે જઇને એ ભારે વિલાપ કરવા લાગ્યા.

પરંતુ જડની આગળ ચેતનનો વિલાપ વ્યર્થ ગયો.

રાજા દશરથ ભરત કે શત્રુઘ્નનો સ્નેહમય આર્તનાદ સાંભળીને પણ ઉઠી કે હાલી ના શકયા.

મહર્ષિ વષિષ્ઠના આદેશાનુસાર રાજાના મૃત શરીરને વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એવી રીતે ઉત્તમ છતાં કરુણ જીવનના એક અસાધારણ અધ્યાયનો અંત આવ્યો.

એક અલૌકિક અને અમર અભિનય પર કાળનો પડદો પડી ગયો.

શોકમાં ડૂબેલા ને સંતપ્ત બનેલા ભરતને વસિષ્ઠે કહ્યું: 'રાજા દશરથનું શરીર તો હવે શાંત થઇ ગયું. સમસ્ત અયોધ્યાવાસીઓને એ બાબતનો શોક છે. મારું પોતાનું અંતર પણ ગમગીન બની ગયું છે. છતાંપણ હવે શોકમગ્ન બનીને બેસી રહેવાને બદલે આગળનો માર્ગ વિચારવો જોઇએ.'

'કયો માર્ગ ?' ભરતે પ્રશ્ન પૂછ્યો.

'રાજા દશરથના શરીરત્યાગ પહેલાં એ માર્ગ સ્પષ્ટ થયેલો છે. એમણે કૈકયીને આપેલા વરદાન પ્રમાણે વહેલી તકે તમારો રાજ્યાભિષેક થવો જોઇએ. કૈકયીએ બે વરદાન માંગ્યા છે. તે પ્રમાણે રામના વનવાસના એક વરદાનનો અમલ તો શરૂ થયો છે પરંતુ તમારા રાજ્યાભિષેકના બીજા વરદાનનો અમલ હજુ બાકી છે.''

'એનો અમલ મારાથી નહિ થઈ શકે.'

'કારણ ?'

'કારણની ચર્ચામાં ઉતરવાનું અનુચિત લાગે છે, છતાંપણ કારણ સ્પષ્ટ છે. મારાથી રાજ્યાભિષેક માટે કોઇપે સંજોગોમાં સંમત નહિ થઈ શકાય. રઘુકુળની પરંપરા એવી છે કે સૌથી મોટા ભાઇનો જ રાજ્યાભિષેક થઈ શકે છે.

'એ બરાબર છે. અને એ પ્રમાણે રામનો રાજ્યાભિષેક નિશ્ચિત હતો. તેને માટે આયોજન પણ કરવામાં આવેલું. પરંતુ કૈકયીની માગણીથી રામને વનમાં જવું પડ્યું. એટલે એ આયોજન અધુરું રહ્યું.' (ક્રમશઃ)

o——o

શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર–ટોરેન્ટો–કેનેડાના સાધકોની "ગુરુપૂર્ણિમા" નિમિત્તે પૂ. માશ્રી સર્વેશ્વરીને.

## * ભેટની યાદી *

રકમ કેનેડિયન ડોલરમાં

૧૫૧ શ્રી દિપકભાઈ ઘોડીવાલા.
૧૧૧ શ્રી નંદુભાઈ પટેલ કોર્નવોલ.
૧૦૧ શ્રી સુરેશભાઈ શાહ તથા સ્મૃતિ શાહ.
૭૫ શ્રી રાજુભાઈ શાહ.
૬૨ શ્રી ડાહ્યાભાઈ પટેલ.
૫૧ શ્રી જયંતિભાઇ પટેલ.
૫૧ શ્રી રમેશભાઈ તલાટી.
૫૧ શ્રી વિનોદભાઇ શાહ.
૫૧ શ્રી હસમુખભાઈ શાહ.
૫૧ શ્રી અશોકભાઈ તથા અજીતભાઇ પાઠક.
૫૧ શ્રી રમેશભાઈ તથા સુરેશભાઈ પરીખ.
૨૫ શ્રી સુરેશભાઇ દવે.
૨૧ શ્રી બીપીનભાઈ શાહ.
૧૧ શ્રી હર્ષદભાઈ તલાટી.
૧૧ શ્રી દિપકભાઇ પરીખ.
૧૧ શ્રી વિઠ્ઠલભાઇ પટેલ.

( નોંધઃ-આ કુલ રકમ ભારતીય ચલણમાં રૂા. ૮૦૦૦/- જેટલી થાય છે. )

## * વિનંતિ *

ઓકટોબર, ૮૭ માં જેમનાં લવાજમો પૂરાં થાય છે તે પરદેશના ગ્રાહકો પોતાના નામ જલ્દીથી મોકલાવે એવી વિનંતિ છે.

—તંત્રી

ADHYATMA Regd. No. GBV 113

# ધન્ય જીવન

કાળ કોઇને છોડતો નથી. મોટું કે નાનું, જુવાન, બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ, કાળ એક દિવસ બધાનો કોળિયો કરી જાય છે. પણ જે ભગવાનને ભજે છે ને જેને ભગવાનનું દર્શન અનેક જન્મોના પુણ્ય પ્રતાપે થાય છે, તે તો અમર બની જાય છે. તે તો કાળનો પણ કાળ થઇ જાય છે. તેને કાળ કાંઇ જ કરી શકતો નથી. તે તો ભગવાનની જેમ બની જાય છે. તેવા પુરુષનું દર્શન પણ કલ્યાણકારક થાય છે. તેમ જ પૃથ્વી તેના પગના સ્પર્શથી પવિત્ર થાય છે.

તે જ પુરુષનું જીવન ધન્ય છે, જેણે આ જગતમાં જન્મ લઇ ઇશ્વરની સાથે પ્રેમ કર્યો ને અંતે ઇશ્વરની પ્રાપ્તિ કરી જ્ઞાન મેળવ્યું. તેની જ માતાને ધન્ય છે, જેની ગોદમાં આવા પવિત્ર પુત્રે જન્મ લીધો. બાકી તો દુનિયામાં અનેક જન્મે છે ને મરે છે. તેમની કાંઇ જ ગણતરી નથી. તે તો માણસ પણ નથી. તેમની ગણના તો પશુમાં છે. જેમનામાં જ્ઞાન નથી, દયા નથી, કેવળ અભિમાન છે. ને જે સ્વાર્થપરાયણ હોઇ ઘરબાર તથા પૈસાને જ પરમેશ્વર સમજે છે, તેનું જીવન વ્યર્થ છે.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.